RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 57, Dt.17-05-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતના ખેડૂતો પર બેન્કોનું ૮૨૭૫૩ કરોડનું દેવુ!



## ૧૦ વર્ષમાં લોનમાં ૪૮૬૫૩ કરોડનો વધારોઃ કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિના કારણોસર ખેડૂતો બેન્કોમાંથી લીધેલી લોન ભરપાઈ કરી શકતા નથીઃ દર વર્ષે ખેડૂતોના દેવા માફ કરવાની માંગણી ઉઠી રહી છે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાત સહિત દેશના ખેડુતો માટે સૌથી સંવેદનશીલ અને સળગતો પ્રશ્ન બેંક લોન કે બાકી દેવાનો છે. અનેક રાજ્યો દ્વારા ખેડુતોના દેવા માફી રાજ્ય કે ભારત સરકાર સમક્ષ હંમેશા માંગણી ઉઠતી રહી છે. આ માટે આંદોલનો પણ થતા રહ્યા છે.

સામાન્ય રીતે, ખેડુતો બિયારણ-રાસાયણિક ખાતરની ખરીદી સહિતની વિવિધ કારણોસર દર વર્ષે અથવા ખેતીની સિઝન દરમિયાન વિવિધ બેંકો પાસેથી હજારો-કરોડો રૂપિયાની લોન લેતા હોય છે. પરંતુ કમોસમી વરસાદ, અતિવૃષ્ટ કે અનાવૃષ્ટિ જેવા કારણોસર ખેડૂતો, બેંકોમાંથી લીધેલી લોન ભરપાઇ કરી શકતા નથી અને આખરે તેમને આત્મહત્યા કરવા સુધી જવું પડે છે. એટલે દર વર્ષે ખેડુતોના દેવા માફીની માંગણી ઉઠવા પામે છે.

ભારત સરકારની માહિતી દેશના તમામ રાજયોના ખેડુતો શિડયુલ કોમર્શિયલ બેંકોમાંથી કુલ ૧૯,૦૭,૪૪૪ કરોડની લોન લીધી છે અર્થાત દેશના ખેડુતોને માથે રૂ. ૧૯.૦૭ લાખ કરોડનું બેંક દેવું છે. જેમાંથી ગુજરાતના લાખો ખેડૂતોએ પણ કુલ ૮૨,૭૫૩ કરોડની લોન લીધી છે. એનો અર્થ પણ એ થાય કે, ગુજરાતના ખેડુતોને માથે પણ રૂા.૮૨,૭૫૩ કરોડનું દેવું છે.

દેશમાં સૌથી વધુ રૂા.૨,૮૮,૯૦૦ કરોડની બેંક લોન તામિલનાડુના ખેડુતોએ લીધી છે. જયારે દેશમાં બીજા ક્રમે રૂા. ૨,૦૮,૪૧૮ કરોડની લોન આંધ્રપ્રદેશના ખેડૂતોએ, ત્રીજા નંબરે રૂા. ૧,૯૧,૩૬૫ કરોડની લોન ઉત્તરપ્રદેશના ખેડુતોએ મેળવી છે.ગુજરાતના સંદર્ભમાં છેલ્લા એક દસકાની વાત કરીએ તો ગત ૨૦૧૫ના વર્ષમાં ગુજરાતના ખેડુતોને માથે કુલ ૩૪,૧૦૦ કરોડની બેંક લોન કે દેવું હતું જે ૧૦ વર્ષ બાદ ૨૦૨૩ના વર્ષમાં વધીને ૮૨,૭૫૩ કરોડ જેટલું થઇ ગયું છે.

એટલે કે, આ એક દસકામાં ૪૮,૬૫૩ કરોડનો વધારો થયો છે. એવી જ રીતે દેશના તમામ ખેડુતોને માથે એક દાયકા અગાઉ વર્ષ ૨૦૧૪માં ૮,૪૧,૮૦૦ કરોડની લોન હતી.

# ગત માસમાં ગુજરાતની જીએસટીની આવક રૂા.૧૩૩૦૧ કરોડે પહોંચી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતમાં કોરોનાના સમયથી મંદ રહેલી ઔદ્યોગિક-વાણિજિયક પ્રવૃત્તિઓ ૨૦૨૪માં પૂર્ણ રીતે ધમધમતી થતા રાજય સરકારને જીએસટીની ભરપૂર આવક થઇ રહી છે. એપ્રિલ-૨૦૨૪માં ગુજરાત સરકારને થયેલી જીએસટીની આવક રૂ. ૧૩,૩૦૧ કરોડ રહી હતી. જે દેશમાં ત્રીજા નંબરે હતી. ૨૦૨૩ના વર્ષ કરતા પણ ગુજરાતની આવકમાં વધારો થવા પામ્યો હતો. જો કે, મહારાષ્ટ્રની આવક ગુજરાત કરતા બમણાંથી પણ વધુ રહી હતી. તો બીજા નંબરે કર્ણાટકની આવક ૧૫,૯૭૮ કરોડ રહી હતી. કેટલાક રાજયનો જીએસટીની આવકનો ગ્રોથ વધુ હતો પરંતુ આવક ઓછી રહી હતી.

ગુજરાતમાં ધંધાકીય ગતિવિધિ વધતા તેની અસર સીધી રાજય સરકારને ગુડ્ઝ સર્વિસ ટેક્સ (જીએસટી) થકી થતી આવક પર પડી છે. એપ્રિલ-૨૦૨૩માં ગુજરાતને જીએસટી પેટે આવક ૧૧,૭૨૧ કરોડની થઇ હતી તેમાં ૧૩ ટકા જેટલા વધારા સાથે એપ્રિલ-૨૦૨૪માં તે ૧૩,૩૦૧ કરોડ થઇ હતી. મહારાષ્ટ્રની આવક એપ્રિલ-૨૦૨૪માં ૩૭,૬૭૧ કરોડ અને કર્ણાટકની આવક ૧૫,૯૭૮ કરોડ રહી હતી. મહારાષ્ટ્રની આવક વધુ હતી પણ ગત વર્ષની સરખામણીએ આવકનો ગ્રોથ ગુજરાત જેટલો ૧૩ ટકાનો જ રહ્યો હતો. જયારે




કર્ણાટકની આવક વધી હતી પણ ગ્રોથ ૯ ટકા હતો. ગુજરાત જેવા રાજયના મહત્ત્વના ફાળાના કારણે સમગ્ર દેશની જીએસટીની આવક પણ વિક્રમજનક ૨.૧૦ લાખ કરોડ (એપ્રિલ-૨૦૨૪)ની રહી હતી.

નાગરિકો ઉપર સરેરાશ જીએસટીના કારણે દરેક ચીજ વસ્તુની ખરીદીમાં ગુણાત્મક અને ભારે બોજો પડી રહ્યો છે પરંતુ રાજયની આવકમાં ધરખમ વધારો થઇ રહ્યો છે તે આંકડા કહી રહ્યા છે. જો કે અનેક રાજય એવા છે જેમની જીએસટીની આવકમાં સામાન્ય વધારો કે ભારે ઘટાડો પણ થવા પામ્યો છે. તે જોતા ગુજરાત ઔદ્યોગિક દષ્ટિએ દેશમાં અગ્રેસર અને ગ્રોથ એન્જિન કેમ ગણાય છે તે સ્પષ્ટ થાય છે.


# ગુજરાતના તાપમાનમાં હજુ પણ વધારો થશેઃ ૨૫ મે સુધીમાં ૪૫ ડિગ્રીને આંબશેઃ ૧૦ જૂન સુધીમાં ચોમાસુ બેસી જશે

## ૧૪ થી ૧૮ જૂન વચ્ચે આંધી અને વંટોળ સાથે ભારે વરસાદ પડશેઃ અંબાલાલ પટેલે કરી આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. આ વચ્ચે હવે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ગુજરાતમાં ચોમાસાને લઈને ફરી મોટી આગાહી કરી છે. ઉપરાંત આ વખતે ચોમાસામાં આંધી-વંટોળ આવવાની શક્યતા પણ વધારે રહી શકે છે. જેના કારણે કાચા મકાનના પતરા ઉડી જાય તેવા વરસાદની સંભાવના રહી શકે છે.

અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, ગુજરાતમાં ૨૦થી ૨૨ મે દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેશે. આ સાથે ૨૬ મેથી રોહિણી નક્ષત્રમાં વરસાદની શક્યતા છે. ગુજરાતમાં ૭થી ૧૦ જૂન સુધીમાં જુદા જુદા ભાગોમાં ચોમાસું બેસશે. જ્યારે ૧૪થી




૧૮ જૂન દરમિયાન આંધી-વંટોળ સાથે વરસાદ પડી શકે છે. ભારે પવનના કારણે મકાનના છાપરા પણ ઉડી શકે છે. તો ૨૫મી જૂન સુધીમાં સમગ્ર રાજ્યમાં ચોમાસું શરૂ થઈ જશે.

આ ઉપરાંત અંબાલાલ પટેલે કહ્યું કે, ૧૭મી મેથી રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધશે. ૨૫ મેથી સુધીમાં મધ્ય ગુજરાતમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીથી ઉપર જઈ શકે. તો અમદાવાદમાં તાપમાન ૪૬ ડિગ્રી સુધી રહી શકે છે. ઉત્તર ગુજરાતમાં પણ ગરમીનો પારો ૪૩ ડિગ્રી, સૌરાષ્ટ્રમાં ૪૩ ડિગ્રી રહી શકે છે. તો ૨૬ મેથી ૪ જૂન વચ્ચે રોહિણી નક્ષત્રનો વરસાદ ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે પડી શકે છે.

તેમણે વધુમાં કહ્યું કે, જુલાઈ-ઓગસ્ટમાં સારો વરસાદ થવાની શક્યતા છે. હિન્દ મહાસાગરમાં ગરમી વધવાની પણ શક્યતા છે. આથી મેના અંતમાં અને જૂનની શરૂઆતમાં અરબી સમુદ્રમાં ચક્રવાતની હલચલ જોવા મળી શકે છે. બંગાળની ખાડીમાં પણ ૧૬મી મે પછી હલચલ જોવા મળી શકે છે. તો ૧૬થી ૨૪ મે દરમિયાન અંદમાન-નિકોબાર ટાપુ પર ચોમાસું બેસી જશે.

# 'રોકાણ હું કરૂ છું અને કમાણી સરકાર લઈ જાય છે', બ્રોકરના આ સવાલ પર નાણા મંત્રીએ રમૂજી જવાબ આપ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સિતારમણે બીએસઈના એક પ્રોગ્રામ દરમિયાન એક જટિલ અને ગંભીર સવાલનો રમૂજી અંદાજમાં જવાબ આપતાં સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયો છે. ઘણા લોકોએ નાણા મંત્રી પાસેથી આ પ્રકારના જવાબની અપેક્ષા ન હોવાનું કહેતાં ટીકાઓ કરી છે.

પ્રોગ્રામ દરમિયાન સ્ટોક બ્રોકરે શેર માર્કેટ અને રિયલ એસ્ટેટના ટ્રાન્જેક્શન પર લાગૂ ચાર્જ સંદર્ભે નાણા મંત્રી સમક્ષ ચિંતાઓ રજૂ કરી હતી. આ સવાલનો નાણા મંત્રીએ રમૂજી અંદાજ સાથે વાસ્તવમાં જવાબ આપવાનું ટાળ્યું હતું.

બ્રોકરે સરકારને પસ્લીપિંગ પાર્ટનરથ ગણાવી પ્રશ્ન કર્યો હતો કે, હું રોકાણ કરું છું, જોખમ લઉં છું અને



મારા રોકાણનો મારા કરતાં સરકાર વધુ લાભ ઉઠાવી રહી છે. સરકાર GST, IGST, સ્ટેમ્પ ડ્યુટી, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ અને લોંગ ટર્મ કેપિટલ ગેન્સ ટેક્સ દ્વારા ઘણી કમાણી કરે છે. લાભોના ભાગરૂપે સરકારને સ્લીપિંગ પાર્ટનર ગણાવતા બ્રોકરે ઘરની ખરીદી પર ચૂકવવાના ટેક્સની રકમ પર પણ સવાલો ઉઠાવ્યા હતા.

બ્રોકરે કહ્યું કે સરકાર સ્ટેમ્પ ડ્યુટી અને જીએસટીના રૂપમાં ઘર ખરીદનારાઓ પાસેથી કમાણી કરે છે. સરકારે મકાન ખરીદવામાંથી રોકડની શરત હટાવી દીધી છે. હાલમાં, મુંબઈમાં ઘર ખરીદવું ખૂબ જ મુશ્કેલ છે કારણ કે હું ટેક્સ ભરું છું અને મારી પાસે વ્હાઇટ મની છે...હવે અમારે દરેક વસ્તુ માટે ચેક દ્વારા ચૂકવણી કરવી પડશે. જો હું ફરીથી ઘર ખરીદવા જઈશ તો મારે ૧૧ ટકા સ્ટેમ્પ ડ્યુટી અને GST ભરવો પડશે. તેમણે પૂછ્યું કે નાણામંત્રી મર્યાદિત સંસાધનો ધરાવતા વ્યક્તિને ઘર ખરીદવામાં કેવી રીતે મદદ કરશે.

પહેલા તો નાણામંત્રીએ બ્રોકર દ્વારા ઉઠાવવામાં આવેલા આ સવાલોના કોઈ જવાબ આપ્યા નહોતા, જવાબ આપવાની ના પાડતાં નાણા મંત્રી નિર્મલા સિતારમણે મજાકમાં કહ્યું કે, સ્લિપિંગ પાર્ટનર હોવાથી સૂતેલો વ્યક્તિ જવાબ આપી શકતો નથી.

આ પ્રતિક્રિયાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. નાણામંત્રી દ્વારા આપવામાં આવેલા જવાબની લોકો ટીકા કરી રહ્યા છે. એક્સ યુઝર્સ નાણા મંત્રી પાસેથી ગંભીર જવાબની અપેક્ષા રાખતા હતા.


તેમનું માનવું છે કે શેરબજારના વ્યવહારો અને રિયલ એસ્ટેટ માર્કેટમાં ટેક્સમાં વધારો થવાથી રોકાણકારો અને ઘર ખરીદનારાઓને અસર થઈ છે. બીએસઈના કાર્યક્રમ દરમિયાન જ નાણામંત્રીએ શેરબજાર અને સેબી સાથે મળીને કામ કરવાની અપીલ કરી હતી.

# સરકારે ક્રૂડ ઓઈલ કંપનીઓ પાસેથી વસૂલાતો વિન્ડફોલ ટેક્સ ઘટાડ્યો, નવા દર ૧૬ મેથી લાગુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીના પરિણામ પહેલા પેટ્રોલ-ડીઝલના ભાવ મુદ્દે પ્રજાને મોટી રાહત મળી શકે છે. કેન્દ્ર સરકારે સ્થાનિક સ્તરે ઉત્પાદિત થતા ક્રૂડ પરના વિન્ડફોલ ટેક્સમાં ઘટાડો કર્યો છે. સરકારે પ્રતિ ટન ક્રૂડ પર વસૂલાતો રૂ. ૮૪૦૦ વિન્ડફોલ ટેક્સ ઘટાડીને રૂ. ૫૭૦૦ કરી દીધો છે. એટલે કે, તેમાં રૂ. ૨૭૦૦નો ઘટાડો કરાયો છે. અગાઉ કેન્દ્ર સરકારે વિન્ડફોલ ટેક્સમાં સતત વધારો કર્યો હતો, ત્યારે સરકારે હવે બીજી વખત ટેક્સમાં ઘટાડો કર્યો છે. આ ટેક્સ વિશેષ રૂપે વધારાની આબકારી જકાત તરીકે વસૂલાય છે.

ડીઝલ, પેટ્રોલ અને જેટમાં ઉપયોગ થતું ઈંધણ અથવા એટીએફની નિકાસ પર વધારાના આબકારી જકાતમાં કોઈ વધારો કરાયો નથી. સીબીઆઈસી એટલે કે સેન્ટ્રલ



બોર્ડ ઓફ ઈનડાઈરેક્ટ ટેક્સેસે એક સત્તાવાર આદેશમાં કહ્યું છે કે, નવો ભાવ ૧૬ મેથી લાગુ થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે, વિન્ડફોલ ટેક્સ એ એક પ્રકારનો કર છે જે ઉત્પાદન કરનાર પર ચોક્કસ મર્યાદાથી વધુ નફા પર લાદવામાં આવે છે. નોંધનીય છે કે, સરકાર દર ૧૫ દિવસે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરે છે.


અગાઉ વિન્ડફોલ ટેક્સમાં સતત વધારો કરાતો હતો, પરંતુ કેન્દ્ર સરકારે પહેલી મેએ પ્રથમવાર ક્રુડ ઓઈલ પરના વિન્ડફોલ ટેક્સને ઘટાડવાનો નિર્ણય કર્યો હતો. સરકારે પ્રતિ ટને ૯૬૦૦ રૂપિયા વિન્ડફોલ ટેક્સ ઘટાડી ૮૪૦૦ રૂપિયા કરી દીધો હતો. આ અગાઉ ૧૬મી એપ્રિલે ટેક્સમાં ૬૮૦૦ રૂપિયાથી વધારીને ૯૬૦૦ રૂપિયા કરી દેવાયો હતો. જ્યારે તેના એક વર્ષ પહેલા પ્રતિ ટન ૪૯૦૦ રૂપિયાથી વધારીને ૬૮૦૦ રૂપિયા વિન્ડફોલ ટેક્સ કરી દેવાયો હતો.

ભારતમાં પહેલી જુલાઈ-૨૦૨૨ના રોજ વિન્ડફોલ ટેક્સની શરૂઆત કરાઈ હતી. આ સાથે ભારત તે દેશોમાં સામેલ થઈ ગયું હતું, જ્યાં ઊર્જા કંપનીઓના નફા પર ટેક્સ વસુલવામાં આવે છે. આ દરમિયાન ડીઝલ, પેટ્રોલ અને ઉડ્ડયન બળતણની નિકાસ પર પણ ડ્યૂટી લાદવામાં આવી હતી. ઘણી ખાનગી રિફાઈનરી કંપનીઓ નફો કમાવવા ડીઝલ, પેટ્રોલ અને એટીએફને સ્થાનિક માર્કેટના બદલે નિકાસ કરતી હતી. સરકાર દર ૧૫ દિવસે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરે છે અને આંતરરાષ્ટ્રીય માર્કેટને ધ્યાને રાખી તેમાં વધારો અથવા ઘટાડો કરવાનો નિર્ણય કરે છે.

# આ વખતે એનડીએને ૨૭૨થી ઓછી બેઠક મળશેઃ યોગેન્દ્ર યાદવ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજનીતિક વિશ્લેષક અને એક સમયે અન્ના આંદોલન અને આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા યોગેન્દ્ર યાદવે મોટો દાવો કર્યો હતો કે આ વખતે મોદીની સરકાર નહીં બને યોગેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે એનડીએ અને ભાજપની સીટો ૨૦૧૯ના મુકાબલે આ વખતની લોકસભા ચૂંટણીમાં ઘરી ઓછી રહેશે. તેમણે દાવો કર્યો હતો કે હું એક પાલિટિકલ કાર્યકર છું ખોટું નથી બોલતો. હું કોઈ એક્ઝીટ પોલ કે હવામાં દાવો નથી કરતા.



હું આ બધું ગ્રાઉન્ડ પર જઈને, અનેક જગ્યાએ ફરીને, લખીને, સાંભળીને અને લોકો સાથે વાત કરીને કહી રહ્યો છું.

યાદવે વધુમાં જણાવ્યું હતું કે આ વખતે ભાજપની સીટો ૨૫૦થી નીચે રહી શકે છે. જો કે તેને લઈને હું બહુ આશ્વસ્ત નથી.ભાજપ-એનડીએ જયારે અબ કી બાર ૪૦૦ પારનો નારો લગાવે છે ત્યારે યોગેન્દ્ર યાદવે ઉપરોક્ત દાવો કરતા ભાજપ અને મોદી અને અમીત શાહનું ટેન્શન વધ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# સરકારે ૪૧ જીવનરક્ષક દવાઓની કિંમત ૫૦ ટકાથી વધુનો ઘટાડો કર્યો

## ભારતમાં ડાયાબિટીસના દસ કરોડથી વધુ દર્દીઓઃ અગાઉ એનપીપીએ ડાયાબિટીસ-હાઈપર ટેન્શનની સારવારમાં ઉપયોગમાં લેવાતી ૬૯ દવાના ભાવ ઘટાડયા હતાઃ સામાન્ય લોકોને રાહત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકારે વ્યાપક પાયા પર ઉપયોગમાં લેવાતી ૪૧ જીવનરક્ષક દવાઓની કિંમતમાં ઘટાડો કરતાં આ પગલાંથી સામાન્ય લોકોને રાહત થશે. સરકારે ડાયાબિટીસ, હૃદયની તકલીફો, લિવર તથા અન્ય રોગોમાં ઉપયોગમાં લેવાતી જાણીતી ૪૧ દવાઓ અને છ ફોર્મ્યુલેશન્સના ભાવમાં ઘટાડો કર્યો છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ) આ ભાવઘટાડાનો નિર્ણય લીધો હતો.

ફાર્માસ્યુટિકલ વિભાગના જાહેરનામા મુજબ ડાયાબિટીસ, બોડી પેઇન, કાર્ડિયોવાસ્ક્યુલર કંડિશન્સ, લિવર, એન્ટાએસિડ્સ, ઇન્ફેક્શન્સ અને એલર્જીની સારવારમાં ઉપયોગમાં લેવાતી



તથા મલ્ટી વિટામિન અને એન્ટિબાયોટિક્સના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

ભારતમાં દસ કરોડથી વધુ ડાયાબિટીસના દર્દીઓ છે. આમ ભારત વિશ્વમાં સૌથી વધુ ડાયાબિટીસના દર્દી ધરાવતા દેશોમાં સ્થાન પામે છે. તેથી દવાના ભાવમાં ઘટાડો થવાથી ડાયાબિટીસના દર્દીઓને નોંધપાત્ર ફાયદો થશે. દવાના ભાવમાં ઘટાડો થવાથી ઇન્સ્યુલિન પર આધારિત દર્દીઓને નોંધપાત્ર ફાયદો થશે.

એનપીપીએના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે દવાઓ અને ફોર્મ્યુલેશન્સના ભાવમાં ફેરફાર કરવો તે એનપીપીએ જેવી નિયમનકાર સંસ્થા માટે દર વખતે યોજવામાં આવતી સામાન્ય કવાયત છે. અમે તે સુનિશ્ચિત કરીએ છીએ કે આ દવાની ભાવ ટોચમર્યાદા બાંધવાના લીધે તે જાહેર જનતા માટે પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ રહે.

લિવરમાં ગ્લુકોઝનું નિર્માણ ઘટાડીને લોહીમાં ગ્લુકોઝનું સ્તર ઘટાડતી દવા ડેપ્ગ્લિફોઝિન મેટફોર્મિન હાઇડ્રોક્લોરાઇડની ટેબ્લેટનો ભાવ ૩૦ રુપિયાથી ઘટાડીને ૧૬ રૂપિયા કરવામાં આવ્યા છે.

અસ્થમાના લક્ષણોને કંટ્રોલ કરીને ફેફસાની કાર્યપ્રવૃત્તિમાં સુધારો કરતી બ્યુડસોનિડ અને ફોરમોટેરોલ જેવા સંયોજનોનો ભાવ ઘટાડીને પ્રતિ ડોઝ ૬.૬૨ રુપિયા કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે તેના ૧૨૦ ડોઝની બોટલ ૩,૮૦૦ રુપિયા આવે છે. આ જ રીતે બ્લડપ્રેશર ઘટાડવા ઉપયોગમાં લેવાતી દવા હાઇડ્રોક્લોરોથિયાઝાઇડનો ભાવ રુ. ૧૧.૦૭થી ઘટાડીને રુ. ૧૦.૪૫ કરવામાં આવ્યો છે. ઇન્ફેક્શન માટેની દવા સેફ્ટાઝિડાઇમ અને એવીબેક્ટમનો ભાવ પ્રતિ વાયલ ૪,૦૦૦ રૂપિયાથી ઘટાડીને ૧,૫૬૯.૯૪ રુપિયા કરવામાં આવ્યો છે. એન્ટાએસિડ એન્ટિગેસ જેલનો ભાવ પ્રતિ એક એમએલે ૨.૫૭ રુપિયાથી ઘટીને ૦.૫૬ રુપિયા થઈ ગયો છે.

અટોરવેસ્ટાટિન, ક્લોપિડોગ્રેલ અને એસ્પિરિનની કેપ્સ્યુલનો ભાવ એક કેપ્સ્યુલના ૩૦ રુપિયાથી ઘટાડીને ૧૩.૮૪ રુપિયા કરવામાં આવ્યો છે. અગાઉ મલ્ટિવિટામીન અને એન્ટિબાયોટિકના ઊંચા ભાવના લીધે જનરલ ટ્રીટમેન્ટનો ખર્ચ ઊંચો આવતો હતો. ગયા મહિને ફાર્માસ્યુટિકલ્સ વિભાગે ૯૨૩ ડ્રગ ફોર્મ્યુલેશન્સની ભાવટોચમર્યાદામાં સુધારો કર્યો હતો. તેની સાથે ૬૫ ફોર્મ્યુલેશન્સના રિટેલ ભાવમાં સુધારો કર્યો હતો. આ ફેરફાર પહેલી એપ્રિલથી અમલમાં આવ્યો હતો. આ વર્ષે અગાઉ એનપીપીએ ડાયાબિટીસ અને હાઇપરટેન્શનમાં ઉપયોગમાં લેવાતી ૬૯ દવાઓના ભાવમાં ઘટાડો કર્યો હતો.

# પૂર્વ બાતમીના આધારે હળવદના નવા સાપકડા ગામથી દેશી હાથ બનાવટની બંદૂક સાથે એકને દબોચી લેતી પોલીસ

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના નવા સાપકડા ગામ નજીકથી હળવદ પોલીસની સર્વેલન્સ ટીમને મળેલ પૂર્વ બાતમીને આધારે દરોડો પાડી એક શખ્સને દેશી હાથ બનાવટની પિસ્તોલ સાથે દબોચી લેવામાં આવ્યો છે. પોલીસે આરોપી પાસેથી દેશી હાથ બનાવટની લોખંડની મેગ્જીનવાળી બંદૂક કબ્જે લઇ તેની વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી માહિતી અનુસાર હળવદ પોલીસની સર્વેલન્સ ટીમને ખાનગીરાહે મળેલ બાતમીને આધારે હળવદ તાલુકાના નવા સાપકડા ગામથી જુના સાપકડા જવાના રસ્તેથી આરોપી અમૃતભાઈ ઉર્ફે મુન્નો અમરશીભાઇ રાતોજા ઉવ.૨૭ ને ગેરકાયદેસરની દેશી હાથ બનાવટની લોખંડની મેગ્જીનવાળી પિસ્તોલ સાથે ઝડપી લેવાયો હતો. હળવદ પોલીસે આરોપીના કબ્જામાંથી દેશી હાથ બનાવટની પિસ્તોલ નંગ ૧ કિ.રૂ. ૧૦ હજારનો મુદામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


# મોરબી-માળીયા ચોકડી પાસે ટ્રકમાં માટીની આડમાં લવાતા વિદેશી દારૂ-બીયરના ૨.૮૧ લાખના જથ્થા સાથે એકને દબોચી લેતી ક્રાઇમ બ્રાંચ

## વિદેશી દારૂનો માલ મોકલનાર તથા માલ મંગાવનારની શોધખોળ : ક્રાઇમ બ્રાંચે ટ્રક, દારૂ, રોકડ, મોબાઇલ સહીત ૧૭.૮૯ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, હળવદ**

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબી-માળીયા ચોકડી પાસે વોચ ગોઠવી ટ્રકમાં રાજસ્થાનથી માટીની આડમાં લવાતો ૨.૫૨ લાખનો વિદેશી દારૂ-બીયરનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતા. આ સાથે પોલીસે ટ્રક તથા વિદેશી દારૂ-બીયરના જથ્થા સહીત કુલ ૧૭,૮૮,૫૮૦/-નો મુદામાલ કબ્જે કરી આરોપી ટ્રકના ચાલકને ઝડપી લેવામાં આવ્યો છે. ત્યારે ટ્રક ચાલક સહીત રાજસ્થાનથી વિદેશી દારૂનો માલ ભરી આપનાર તેમજ માલ મંગાવનાર એમ ત્રણેય આરોપીઓ સામે પ્રોહી.એક્ટ હેઠળ ફરિયાદ નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.





મળતી માહિતી મુજબ મોરબી એલસીબી પોલીસને બાતમી મળી કે રાજસ્થાનથી ટ્રકમાં માટીની વચ્ચે છુપાવી વિદેશી દારૂનો જથ્થો મોરબી લવાતો હોય જે બાતમીને આધારે એલસીબી પોલીસ હળવદમાં મોરબી-માળીયા ચોકડી નર્મદા આર્કેડ સામે વોચમાં હોય તે દરમિયાન બાતમી મુજબની ટાટા ટ્રક રજી.નં. આરજે-૧૯-જીઈ-૮૭૬૫ નીકળતા તેને રોકી તેની તલાસી હાથ ધરી હતી. ત્યારે ટ્રકમાં માટીની આડમાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૦૭ નંગ બોટલ તથા બીયરના ૨૮૮ નંગ ટીન મળી આવ્યા હતા. આ સાથે પોલીસે ટ્રકમાંથી દારૂ-બીયરનો જથ્થો કિ.રૂ.૨,૮૧,૦૮૦/-, ટાટા ટ્રક કિ.રૂ.૧૫ લાખ, રોકડ ૨,૫૦૦/-તથા એક મોબાઇલ સહીત કુલ ૧૭,૮૮,૫૮૦/-ના મુદામાલ સાથે ટ્રક ચાલક આરોપી સીયારામ ઉર્ફે મુકેશ દીનારામ રામુભાઇ જાજડા ઉવ-૨૮ રહે. ગગરાના ગામ તા.મેડતા જી.નાગોર રાજસ્થાનની સ્થળ ઉપરથી અટકાયત કરી હતી. પોલીસે પકડાયેલ ટ્રક ચાલક આરોપીની પ્રાથમિક પૂછતાછમાં રાજસ્થાનથી વિદેશી દારૂનો માલ આરોપી રામકિશોર ઉર્ફે શેટીરામ જાટ રહે.બીટન ગામ તા.મેડતા જી.નાગોર રાજસ્થાન દ્વારા મોકલાવવામાં આવ્યો હતો. હાલ પોલીસે આરોપી ટ્રક ચાલક સહીત માલ મોકલનાર તથા માલ મંગાવનાર તેમજ તપાસમાં ખુલ્લે તે તમામ આરોપીઓ સામે હળવદ પોલીસ મથકમાં પ્રોહી. નો ગુનો રજી. કરી ધોરણસરની તજવીજ હાથ ધરી છે.

# સગીરાનું અપહરણ કરી દુષ્કૃત્ય ગુજારવાના ગુન્હામાં આરોપીને છેલ્લા શ્વાસ સુધીની કેદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની એક સગીરાનું પોણા બે વર્ષ પહેલાં એક શખ્સે અપહરણ કરી તેણી પર દુષ્કૃત્ય ગુજાર્યું હતું. આ ગુન્હામાં અદાલતે આરોપીને જિંદગીના છેલ્લા શ્વાસ સુધીની સજા ફટકારી ભોગ બનનાર સગીરાને રૂપિયા સાડા દસ લાખનું વળતર આપવા હુકમ કર્યો છે. જ્યારે એક તરૂણી પર ત્રણ વર્ષ પહેલાં દુષ્કૃત્ય ગુજારનાર શખ્સને અદાલતે ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે અને સગીરાને રૂા.૬ લાખનું વળતર અપાવ્યું છે.જામનગરના એક વિસ્તારમાં વસવાટ કરતા પરિવારની સગીર વયની પુત્રીનું ગઇ તા.૧૯-૭-૨૨ના દિને અયુબ અલી દલ નામના શખ્સે અપહરણ કરી લીધુ હતું અને તે સગીરા પર દુષ્કૃત્ય ગુજાર્યું હતું. સગીરાના વાલીએ જે તે વખતે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૭૬ તેમજ પોકસો એક્ટની કલમ ૪, ૬, ૮ હેઠળ ગુન્હો નોંધી હાથ ધરેલી તપાસમાં અયુબ દલની ધરપકડ કરી હતી.ઉપરોક્ત કેસ જામનગરની ખાસ પોક્સો અદાલતમાં ચાલવા પર આવતા સરકાર પક્ષ તરફથી રોકાયેલા ડીજીપી જમનભાઈ ભંડેરીએ ૨૫ સાક્ષીની જુબાની અને ૩૦ દસ્તાવેજી પુરાવા રજૂ કરવા ઉપરાંત ડીએનએ ટેસ્ટ રિપોર્ટ અદાલતના ધ્યાન પર મૂક્યો હતો. પ્રવર્તમાન સમયમાં બનતા આ પ્રકારના ગુન્હાઓ અંગેની ગંભીરતા અને સંસ્કૃતિ તથા સમાજને અનુલક્ષીને દલીલો કરી હતી તેને ધ્યાને રાખી ન્યાયમૂર્તિ એ.એ. વ્યાસે આરોપી અયુબ અલી દલને તક્સીરવાન ઠરાવી અંતિમ શ્વાસ સુધીની-આજીવન કેદ તથા રૂા.૧૫ હજારનો દંડ ફટકાર્યો છે. આ કિસ્સામાં ભોગ બનનાર સગીરાને કમ્પેઈસેશનમાંથી રૂા.૧૦ લાખ ૫૦ હજારનું વળતર ચૂકવવા આદેશ કરાયો છે.અન્ય એક કિસ્સામાં પણ અદાલતે આરોપીને સગીરા પર દુષ્કર્મ ગુજારવાના ગુન્હામાં ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. તે કિસ્સાની વધુ વિગત મુજબ જામનગર શહેરના એક વિસ્તારમાં વસવાટ કરતા પરિવારની સગીર પુત્રી ગઈ તા.૨-૩-૨૧ ના દિને પોતાના ઘરમાં હતી ત્યારે રૂકસાના નામની યુવતીએ બારીમાંથી બહાર બોલાવી હતી. બહાર આવેલી તે તરૂણીને રૂકસાના તથા યાસ્મીનના ઘરે લઈ ગઈ હતી અને રૂકસાનાની માતા રોશનબેન આવી હતી અને તે તરૂણીને રિક્ષામાં બેસાડી દરેડમાં પોતાની પુત્રી સલમાના ઘેર લઈ ગઈ હતી. જ્યાં ચારેક દિવસ સુધી તે તરૂણીને રાખવામાં આવી હતી. તે દરમિયાન તરૂણીએ પોતાના ઘરે જવાનું કહેતા સલમાએ ફોન કરીને અસરફ ઈલિયાસ સાયચા નામના શખ્સને બોલાવ્યો હતો. ત્યાં આવેલા અસરફે તે તરૂણીને પોતાની સાથે હોટલમાં લઈ જઈ તેણી પર દુષ્કર્મ ગુજાર્યું હતું.આ બાબતની સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જે તે વખતે ફરિયાદ થયા પછી પોલીસે આઈપીસી ૩૬૩, ૩૭૬ (૨) (૩), પોક્સો એક્ટની કલમ ૪, ૬, ૧૭ હેઠળ ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.ઉપરોક્ત કેસ જામનગરની ખાસ પોકસો અદાલતમાં ચાલવા પર આવતા ફરિયાદી તેમજ અન્ય સાહેદો, તબીબ વગેરેની જુબાની રજૂ કરવામાં આવી હતી. અદાલતે સરકાર પક્ષ તરફથી રજૂ થયેલી દલીલો ગ્રાહ્ય રાખી આરોપી અસરફ ઈલિયાશ સાયચાને તક્સીરવાન ઠરાવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂા.૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. સગીરાને કમ્પેઈન્સેશનમાંથી રૂા.૬ લાખ વળતર પેટે ચૂકવવા હુકમ કરાયો છે. સરકાર પક્ષ તરફથી પીપી ભારતીબેન વાદી રોકાયા હતા.

# ખાંભા નજીક ભારે પવનના કારણે રોડ પર પડી ગયેલ વૃક્ષને પોલીસ સ્ટાફે હટાવી સરાહનીય કામગીરી કરી

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** સારા કામમાં સૌ સહભાગી આવી એક સૌરાષ્ટ્રમાં કહેવત છે અને એમાં પોલીસનું નામ ફક્ત બંદોબસ્ત અને ટ્રાફિકમા હોય તેવુ લોકોને નજરમા હોય છે ત્યારે આવી એક ઘટના જે ખાંભા નજીક બની છે પોલીસની કામગીરી જોતા રસ્તા પરથી પસાર થતા લોકોને વાહ કહેવું પડ્યું.ખાંભા પોલીસ પેટ્રોલિંગમા હોય ત્યારે માહિતી મળી કે ભારે પવનના કારણે ખાંભાથી ઉના જવાના રસ્તા પર વૃક્ષો પડી ગયેલ હોય અને રસ્તો બંધ હોય તેવી માહિતી મળતા પી.એસ.આઇ હડિયા, એ.એસ.આઇ,બી એમ વાળા,મિતેષભાઇ વાળા, ધનાભાઈ પરમાર,રાજુભાઇ બોદર,ભલાભાઇ ગમારા, ધર્મેશભાઇ ઠાકર સહિત પોલીસ સ્ટાફ દ્વારા રસ્તા પર પડેલ વૃક્ષને હટાવવાની કામગીરી હાથધરી હતી અને થોડા જ સમયમાં માર્ગ ખુલ્લો કરાયો હતો જેથી રોડ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહન ચાલકોએ પોલીસની કામગીરીને બિરદાવી હતી







# મોરબી મચ્છુ-૩ ડેમ નજીક નદીમાં ડૂબેલા ત્રણેય મૃતદેહોને કલાકોની જહેમત બાદ શોધીને બહાર લવાયા

## મોરબીમાં વહીવટી તંત્ર તથા ફાયર વિભાગની અથાગ કામગીરી : જુના સાદુળકા ગામે મચ્છુ નદીમાં સાત યુવકો ન્હાવા ગયા હતા

**મુખ્ય સમાચાર, મોરબી**

ગઈકાલે ઘરેથી સ્વિમિંગ પુલમાં ન્હાવા જવાનું કહી નીકળેલા છ સગીર તથા એક યુવાન સહીત સાત શખ્સો મોરબી તાલુકાના સાદુળકા ગામ પાસે મચ્છુ નદીમાં ન્હાવા પડ્યા હતા જે પૈકી એક સગીરનો પગ લપસતા તેને બચાવવા બીજા એક યુવાન સહીત ત્રણ શખ્સો નદીના પાણીમાં ગરકાવ થઇ ગયા હતા જે બનાવમાં મચ્છુ નદીમાં ડૂબેલા ત્રણ વ્યક્તિની રાતભર શોધખોળ ચાલુ રાખવામાં આવતા સર્ચ ઓપરેશન દરમિયાન ગુરુવારે વહેલી સવારે ૪ વાગ્યે એક સગીરનો મૃતદેહ અને ત્યારબાદ સમયાંતરે બીજો મૃતદેહ બાદ ત્રીજો એમ ત્રણેય મૃતદેહને મચ્છુ નદીમાંથી બહાર લવાયા હતા.

મળતી માહિતી અનુસાર, મોરબીના મચ્છુ ૨ ડેમમાંથી પાણી છોડાતા સાદુળકા પાસેનો મચ્છુ ૩ ડેમ પણ છલકાતા તેના દરવાજા ખોલાયા હતા. ત્યારે ગઈકાલે સાદુળકા પાસેના ડેમના નીચાણવાળા વિસ્તારમાં નદીમાં ન્હાવા ગયેલા ૩ લોકો ડૂબ્યા છે. પ્રાથમિક માહિતી અનુસાર, પ્રથમ એક યુવાન ડૂબ્યા બાદ તેને બચવા જતા બે સગીર પણ ડૂબ્યા હતા. અહીં એક યુવક સહીત કુલ ૭ જેટલા સગીર ન્હાવા આવ્યા હતા. જેમાંથી પરમાર ચિરાગ (ઉં.૨૦) નામનો યુવક અને ભંખોડિયા ધર્મેશ (ઉ.૧૬) અને ભંખોડિયા ગૌરવ (ઉ.૧૭) નામના સગીર પાણીમાં ડૂબ્યા છે. મોરબીમાં મચ્છુ-૨ ડેમ નજીક નદીમાં ન્હાવા પડ્યા બાદ ડૂબી ગયેલા એક યુવક અને બે સગીરની શોધખોળ હાથ ધરાઈ હતી. જેમાં રાજકોટ મોરબી અને હળવદના ૪૬ જેટલા તરવૈયાઓ દ્વારા સર્ચ ઓપરેશન કરી રાત્રે ફ્લડ લાઈટ લગાવીને શોધખોળ ચાલુ રાખવામાં આવી હતી. મોરબી ફાયર વિભાગના ૧૨, રાજકોટ ફાયર વિભાગના ૬, મોરબીના સ્થાનિક સેવાભાવી ૧૨ તેમજ હળવદના ટીકર ગામના ૧૬ લોકો મળી કુલ ૪૬ તરવૈયાઓ કામે લાગ્યા હોય અને કલાકોની જહેમત બાદ યુવક અને બે સગીરના મૃતદેહ શોધી કાઢ્યા હતા.

મચ્છુ ૨ ડેમના દરવાજાનું રીપેરીંગ કામ શરૂ કરવાને કારણે મચ્છુ ૨ ડેમ ખાલી કર્યો હોવાથી પાંચ દરવાજા થકી પાણી છોડવામાં આવ્યું હતું જે પાણી વહીને મચ્છુ ૩ ડેમ તરફ જાય છે અને મચ્છુ ૩ ડેમ ના પણ દરવાજા ખોલવામાં આવ્યા હતા અને હેઠવાસમાં નદી ના પટ માં કોઈને પણ અવર જવર ન કરવા માટે તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી છતાં તંત્રની ચેતવણીને હળવાશ થી લઈને તમામ મિત્રો મચ્છુ નદીમાં ન્હાવા પડ્યા હતા અને તે દરમિયાન ત્રણ મિત્રો ડૂબી ગયા હતા અને તંત્રની ચેતવણીની અવગણના મોતમાં પરિણમી હતી.

સમગ્ર કરૂણાંતિક બનાવ મામલે ફાયર વિભાગના જાંબાઝ ઓફિસર દેવેન્દ્રસિંહ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જ્યારે પાણીનુ વહેણ ચાલુ હોય ત્યારે કોઈ પારંગત તરવૈયા હોય તો તેને પણ આ નદીમાં જવું ન જોઈએ કેમ કે જ્યારે પાણી છોડવામાં આવતું હોય છે ત્યારે એ તરવા કે નહાવા લાયક સ્થિતિમાં હોતું નથી. અને આ બાળકોની નાનકડી જીદ ની મોટી કિંમત ચૂકવવી પડી છે જેથી લોકો આવી ચેતવણીને અવગણે નહિ અને તંત્રની મનાઈ હોય છતાં નદીમાં કે નદીના પટમાં જાય નહિ તેનું ખાસ ધ્યાન રાખે.

# મોરબીમાં રેવન્યુ વિભાગમાં સર્વરની અનીયમતતાને કારણે ખેડૂતોને ભોગવવી પડતી હાલાકી બાબતે રજૂઆત કરાઈ

## મોરબી ગ્રાહક સુરક્ષા દ્વારા જીલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ગ્રાહક મંડળ દ્વારા ખેડૂતોને ભોગવવી પડતી હાલાકી બાબતે જીલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. વરસાદની સીઝન શરુ થતી હોય તે માટે ખેડૂતોને જુના દેણા ક્લિયર કરાવવા ૭-૧૨ના દાખલાની જરૂરિયાત હોવાથી તાલુકાના રેવન્યુ વિભાગમાં સર્વર ડાઉનના લીધે ખેડૂતો ગામડેથી સવારના આવ્યા હોય તો પણ સાંજે ખાલી હાથે પરત જતા હોય છે. ત્યારે ખેડૂતોને ભોગવવા પડતા ત્રાસ બાબતે યોગ્ય કરવા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ દ્વારા લેખિત રજૂઆત કરાઈ છે.



મોરબી જીલ્લા કલેક્ટરને કરવામાં આવેલ લેખિત રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે હાલ ચોમાસાની સીઝન માથે આવી રહી છે. ત્યારે ખેડૂતો બેંક તથા મંડળીમાં દેવુ ચૂકવવાની નિયમ મુજબની કાયદેસરની પ્રક્રિયા માટે સેવા સદનમાં રેવન્યુ વિભાગમાં ૭/૧૨ના દાખલા માટે જતા હોય જ્યાં સર્વર મંદગતીએ ચાલતું હોય છે. ત્યારે ૭-૧૨, ના પાનીયા કઢાવવા માટે ખેડૂતો સવારના આવે છે અને સાંજે ખાલી હાથે ગામડે પરત જાય છે. બેંકમાં ૭-૧૨ ના પાનીયા મામલતદાર કચેરીમાંથી કઢાવો તો જ ચલાવે છે બાકી ગ્રામ પંચાયતમાં મંત્રી કાઢે તો પણ ચાલે નહીં તેવી બેંકની આવી પધ્ધતીથી ખેડૂત પીડા ભોગવે છે. મંત્રીએ કાઢેલા ૭-૧૨ ના પાનીયામાં મામલતદાર કાઉન્ટર સાઇન કરી આપે તો પણ ચલાવતા નથી. આ બાબતમા બેંક તેની મનમાની કરી રહ્યા હોય તેવુ લાગે છે. તો બાબતે જે તે બનાવેલ નિયમોમાં આપના વતી મધ્યસ્થી કરી બેંક અને મંડળીમાં જાણ કરવી જોઇએ કે મામલતદારની કાઉન્ટર સાઇન વાળા ૭-૧૨ ના પાનીયા ચલાવવા જોઇએ. ત્યારે આ સમગ્ર પ્રક્રિયામાં સરવાળે ભોગ તો ખેડૂતોએ જ બનવું પડતું હોય છે. ખેડૂતોને નવા-જુના દેણા કલીયર કરવાના હોય અને બીયારણ, ખાતરની ખરીદી કરવાની હોય તે માટે ઘણી તકલીફ થાય છે તો આ બાબતે એક જ કોમ્પ્યુટરને બદલે ચાર-પાંચ કોમ્પ્યુટરથી ખેડૂતના હીત માટે વ્યવસ્થા કરવી જરૂરી છે.તેવી માંગણી સાથે રજૂઆત કરવામાં આવી છે.

# મોરબીમાં અકાળે મૃત્યુના ત્રણ બનાવ પોલીસ ચોપડે નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં અકાળે મૃત્યુના ત્રણ બનાવમાં ૫૫ વર્ષીય પ્રૌઢને હાર્ટ એટેક સહીત ત્રણ વ્યક્તિના મોત નિપજ્યા હતા. ત્યારે પોલીસે અપમૃત્યુ અંગે અકસ્માતે મોતની નોંધ કરી આગળની વધુ તપાસ ચલાવી છે.

પ્રથમ અપમૃત્યુના બનાવમાં મોરબી તાલુકાના ગોર ખીજડીયા નજીક જુના ગોર ખીજડીયા રોડ સી.એસ.પ્રિન્ટ પેક કારખાનાના લેબર કવાર્ટરમાં રહેતા રામસીંગ ઔતાર એ કોઇપણ કારણોસર ક્વાર્ટરના રૂમમાં પોતાની જાતે છતના પંખાની સાથે ઇલેક્ટ્રીક વાયર બાંધી ઇલેક્ટ્રીક વાયર વડે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યાનો બનાવ સામે આવ્યો હતો ત્યારે મૃત્યુ અંગે મૃતકની ડેડબોડી લેબર ક્વાર્ટરમાં જ રહેતા ધીરજકુમાર સુરજકુમાર ગૌતમ દ્વારા હોસ્પિટલ લવાતા મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે.

જયારે બીજા બનાવની પ્રાપ્ત વિગત અનુસાર વાંકાનેર તાલુકાના જોધપર ગામે કાંતીભાઈ કેશુભાઈ સોંલકી ઉવ.૫૫ રહે.જોધપર તા.વાંકાનેર જી.મોરબી પોતાની વાડીયે ખાટલામા સુતા હતા ત્યારે પરિવારજનો દ્વારા ઉઠાડતા કાંતિભાઈ કાઈ બોલતા ચાલતા ન હોય અને બેભાન હાલતમા તેઓને હાર્ટ એટેક આવતા સારવાર માટે વાંકાનેર સરકારી હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરના ડોકટરે જોઈ તપાસી કાંતિભાઈ મરણ ગયેલાનુ જાહેર કરવામાં આવતા વાંકાનેર તાલુકા પોલીસે અકાળે મોત રજી. કરી તપાસ ચલાવી છે.

અપમૃત્યુના ત્રીજા બનાવમાં હળવદ સરા રોડ, જુના દલીતવાસ હળવદમાં રહેતા ગીરીશભાઇ દુધાભાઇ પરમાર ઉવ.૩૬ એ કોઇ અગમ્ય કારણોસર પોતાના રહેણાંકમાં પોતે પોતાની જાતે ગળો ફાંસો ખાઇ જતા મૃતકના મોટાભાઈ ધર્મેન્દ્રભાઇ દુધાભાઇ પરમાર હળવદ સરકારી હોસ્પિટલમાં લાવતા જ્યાં ફરજ પરના ડોક્ટરે ગીરીશભાઈને જોઇ તપાસી મરણ ગયેલનુ જાહેર કરતા હાલ હળવદ પોલીસે મૃત્યુના આ બનાવમાં અ.મૃત્યુની નોંધ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામજોધપુરના યુવા પત્રકાર વિજયભાઈ બગડાનો આજે જન્મદિવસઃ શુભેચ્છાની વર્ષા

**મુખ્ય સમાચાર, જામજોધપુર**

વિજયભાઈ બગડા છેલ્લા ઘણા સમયથી પ્રેસ મીડિયા સાથે સંકળાયેલા નામના છે વિજયભાઈ બગડા આજે પત્રકારત્વ ક્ષેત્રે સારી એવી નામના ધરાવે જયભાઈ બગડા ઉપત્રકારત્વ છે તેમજ પત્રકાર એકતા પરિષદ ના તેઓ જામજોધપુર તાલુકા પ્રમુખ્ છે આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેમના સગા સંબંધીઓ શુભેચ્છાકો સ્નેહીજનો અને મિત્રો વર્તુળ તરફથી તેમના પર જન્મદિવસ શુભેચ્છા નો ધોધ વરસી રહ્યો છે મુખ્ય સમાચાર પરિવાર તરફથી જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે તેમને છે તેમના મોબાઈલ નંબર ૯૬૬૨૬૩૨૬૩૫



# મોરબીમાં પ્રિ-મોન્સુનની કામગીરી સંદર્ભે જીલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

## જીલ્લા કલેક્ટરે ચોમાસાને સંલગ્ન જરૂરી વ્યવસ્થાપન અંગે પ્લાન તૈયાર કરવા અધિકારીઓને સૂચના આપી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી:પ્રિ-મોન્સુન કામગીરી અન્વયે આગોતરી તૈયારીઓના ભાગરૂપે મોરબી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે ચોમાસા પૂર્વે અને ચોમાસાની સિઝન દરમિયાન કરવાની થતી કામગીરીઓના આયોજન અને જરૂરી વ્યવસ્થાઓની તૈયારીઓ બાબતે બેઠક યોજાઈ હતી.







જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીએ જણાવ્યું હતું કે, આગામી તા.૦૧ જૂનથી તમામ તાલુકા મથકે કંટ્રોલરૂમ કાર્યરત કરી અને વરસાદલક્ષી બાબતોની જરૂરી વિગતો જીલ્લા કક્ષાના કંટ્રોલ રૂમને સમયસર પૂરી પાડવા આયોજન કરવામાં આવે. તાલુકા કક્ષાએ ચોમાસા દરમિયાન આપત્તિ વ્યવસ્થાપન, સ્થળાંતર, પૂર અને વાવાઝોડાની સ્થિતિમાં કરવાની થતી કામગીરી માટે રાહત અને બચાવ, નુકસાનીનો સર્વે, વીજ પુરવઠો અને માર્ગોને પૂર્વવત કરવા માટે શક્ય હોય તેટલી વધુ ઝડપથી કામગીરી થાય તે જરૂરી છે. માનવ અને પશુ મૃત્યુના કિસ્સામાં સહાય-વળતરની રકમ શક્ય હોય તેટલી વધુ ઝડપથી ચૂકવવામાં આવે તે બાબત પણ ખાસ ધ્યાનમાં રાખવા જણાવ્યું હતું.

વધુમાં જીલ્લા કલેક્ટરે ઉમેર્યુ કે, દરેક તાલુકા કક્ષાએ સ્થાનિક તરવૈયાઓ, બુલડોઝર, ટ્રેક્ટર સહિતના વાહનો, ડ્રાઇવરના સંપર્ક નંબર સાથેની વિગતો અદ્યતન અને હાથવગી રાખવામાં આવે. સ્થળાંતર અને રાહત બચાવના કિસ્સામાં જે સ્થળોનો આશ્રયસ્થાન તરીકે ઉપયોગ કરવાનો હોય તેની પ્રાથમિક સુવિધાઓની ચકાસણી અગાઉથી જ કરી લેવામાં આવે તે સુનિશ્ચિત કરી લેવું જરૂરી છે.

જીલ્લાના તમામ કોઝ-વે પર પાણીનું માપ દર્શાવતા સાઇન બોર્ડ સુવાચ્ય હોય તે સુનિશ્ચિત કરવા જીલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતુ. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, આ પ્રકારના કોઝ-વે પરથી પાણી ભરાયેલું હોય ત્યારે વાહન ચાલકો પસાર ન થાય તે માટે જરૂરી સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવે તે માટે વ્યવસ્થા કરવા તેમજ સંબંધિત વિભાગ હસ્તકના પુલ, કોઝ-વે, નાળાઓ હોય અને સમારકામની આવશ્યકતા હોય તો તે અંગેની વિગતો આગોતરી જ મેળવી તે માટે ઘટતું કરવા તેમણે સૂચનાઓ આપી હતી.

વધુમાં તેમણે જીલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જર્જરિત ઈમારતો, ટાવરો સહિતની બાબતોનો સર્વે કરવો, જોખમી હોય તેવી ઈમારતો, ટાવરને ધરાશાયી કરવાની સ્થિતિ આવે તો તે માટે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે તે બાબતે સંબંધિત કચેરીઓના અધિકારીઓ-વડાઓને ઘટતું કરવા વિશેષ સૂચના આપી હતી

આ બેઠકમાં જીલ્લાના તમામ ડેમ ખાતેના વાયરલેસ સહિતના દુરસંચારના ઉપકરણો કાર્યરત હોય, ડેમ સુધી જવાના માર્ગો કાર્યરત હોય તેની ચકાસણી કરવી અને ડેમમાંથી પાણી છોડવામાં આવે ત્યારે નીચાણવાળા વિસ્તારોમાંથી સ્થળાંતર સહિતની કામગીરી અગાઉથી જ કરવામાં આવે તે અંગે વિશેષ કાળજી રાખવા પણ જણાવાયું હતુ. પીવાના પાણીના વિતરણ પૂર્વે ક્લોરિનેશન, સુપર ક્લોરિનેશન થાય તે બાબતે ધ્યાનમાં રાખવા સુચના આપવામાં આવી હતી. વીજ પુરવઠો ખોરવાઈ ગયા બાદ ઝડપથી તે પૂર્વરત થઇ શકે તે માટે ઘટતી કામગીરી કરવા માટે વીજતંત્રને સૂચના આપવામાં આવી હતી. ચોમાસામાં વરસાદી પાણીનો નિકાલ, જરૂરી સફાઈ વ્યવસ્થા, દવા છંટકાવ તેમજ અગ્નિશમનના સાધનો કાર્યરત કરી દેવા માટે પણ વિશેષ સૂચના આપવામાં આવી હતી.

ખેતીવાડી તેમજ બાગાયત કચેરીને પાક નુકસાનીના કિસ્સામાં સમય મર્યાદામાં અને તાત્કાલિક રીતે સર્વે કામગીરી પૂર્ણ થાય, જીલ્લામાં તમામ સ્થળોએ આરોગ્યલક્ષી કામગીરી માટે દવાઓનો પૂરતો જથ્થો, મેડિકલ કિટ સહિતની તૈયારીઓ અને મેડિકલ ટીમને જે-તે સ્થળ પર સમયસર પહોંચાડવા માટેનું આયોજન કરવા સંબંધિત વિભાગોને સુચના આપવામાં આવી હતી. ઉપરાંત આપત્તિની સ્થિતિ હોય ત્યારે મીઠાના અગરિયા સહિત જીલ્લાના ઔદ્યોગિક વિસ્તારોમાં શ્રમિકોને રક્ષણ મળી રહે તે માટે શ્રમિકની કામગીરી સાથે જોડાયેલા માલિકોનો નામ-સંપર્ક નંબરની યાદી તૈયાર કરી તાલુકા-જીલ્લા કંટ્રોલ રૂમ પર હાથવગી રાખવા સૂચના આપવામાં આવી હતી. જીલ્લાના પર્યટન સ્થળો કે નદી, ડેમ જેવા સ્થળો પર નાગરિકો પાણીમાં નહાવા ન જાય તે માટે વાંચી શકાય તે રીતે આવશ્યક બોર્ડ લગાડવામાં આવે અને તકેદારીના યોગ્ય પગલા ભરવામાં આવે તે માટે વિશેષ સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, મોરબી પ્રાંત અધિકારી સુશીલ પરમાર, હળવદ પ્રાંત અધિકારી ધાર્મિક ડોબરીયા, વાંકાનેર પ્રાંત અધિકારી સિદ્ધાર્થ ગઢવી, નાયબ કલેક્ટર સુબોધકુમાર દુદખીયા તેમજ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસર સહિત જીલ્લા વહિવટી તંત્રના તમામ વિભાગ/કચેરીના વડા ઉપસ્થિત રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પોરબંદર-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે દોડતી સૌરાષ્ટ્ર એક્સપ્રેસના સમય અને ટર્મિનલમાં ફેરફાર




**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોરબંદર યાર્ડ ખાતે પીટ લાઇન બ્લોકની પૂર્ણાહુતિને ધ્યાનમાં રાખીને રાજકોટ ડિવિઝન માં થી પસાર થતી ટ્રેન નં. ૧૯૦૧૬ પોરબંદર-મુંબઈ સેન્ટ્રલ અને ટ્રેન નંબર ૧૯૦૧૫ મુંબઈ સેન્ટ્રલ-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ના ઉદ્ભવતા/ટર્મિનેટિંગ સ્ટેશનને મુંબઈ સેન્ટ્રલ ની બદલે દાદર સ્ટેશન કરવામાં આવી રહયું છે. આગળની સૂચના ન મળે ત્યાં સુધી ટર્મિનલને અસ્થાયી રૂપે મુંબઈ સેન્ટ્રલ થી દાદર ખસેડવામાં આવી રહ્યું છે. ટર્મિનલમાં ફેરફારને કારણે ટ્રેનના સમયમાં પણ પરીવર્તન કરવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

૧) ટ્રેન નંબર ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ દાદર ખાતે ૧૯.૨૦ કલાકે ટર્મિનેટ એટ્લે કે સમાપ્ત થશે. આ ફેરફાર ૨૦ મે, ૨૦૨૪ થી લાગુ થશે. અન્ય સ્ટોપેજના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

૨) ટ્રેન નંબર ૧૯૦૧૫ દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ દાદર થી ૦૯.૩૦ કલાકે ઉપડશે. આ ફેરફાર ૨૨ મે, ૨૦૨૪ થી લાગુ થશે. અન્ય સ્ટોપેજના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

ઉપરોક્ત ઉલ્લેખિત ટ્રેનોના સ્ટોપેજ સમય સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ક્રિકેટનું આકર્ષણ યથાવતઃ વેકેશન પડતાં જ બેટની ધુમ ખરીદી નીકળી

**હાલ આઈપીએલ ફીવર સમગ્ર દેશમાં ચાલી રહ્યો છે તમામ રમતોમાં ક્રિકેટનું આકર્ષણ આજે સૌથી વધુ છે. દરેકને સચિન તેંડુલકર કે વિરાટ કોહલી બનવું છે. રાજકોટમાં પણ વેકેશન શરૂ થતાં જ ક્રિકેટના અનેક કેમ્પો ચાલી રહ્યા છે. નાના બાળકોથી લઈ મોટેરાઓમાં પણ ક્રિકેટની ઘેલછા જાણીતી છે. ક્રિકેટ શીખવાની લગનને લઈ આજે બાળકો દ્વારા જુદા જુદા ક્રિકેટ કેમ્પ તેમજ ગલી-મહોલ્લામાં ક્રિકેટ રમાઈ રહ્યું છે. જેને લઈ સ્પોર્ટસના સાધનો વેચતી દુકાનો તેમજ શાસ્ત્રી મેદાન પાસે બેટ બનાવનાર કારીગરો પાસેથી બેટ ખરીદવા લોકો લાઈનો લગાવી રહ્યા છે. આમ બેટની ખરીદી નીકળી છે.**



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# આરટીઓ પાછળ શ્રીરામ સોસાયટીમાં ક્રિકેટનો સટ્ટો રમતો પંટર ઝડપાયોઃ બુકીની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આરટીઓ કચેરી નજીક શ્રીરામ સોસાયટીમાં આઈપીએલ મેચ પર ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતાં શખ્સને પોલીસે ઝડપી લઈ કપાત કરાવનારની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના એએસઆઈ વી.એસ.ડાભી, હેડ કોન્સ્ટેબલ વાલજીભાઈ, પ્રદીપસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન બાતમીના આધારે આરટીઓ ઓફિસ પાછળ શ્રીરામ સોસાયટીમાં શેરી નં.૭માંથી મોબાઈલ ફોનમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતાં મનિષ સુખલાલભાઈ સરવૈયા રહે શ્રી રામ સોસાયટી શેરી નં.૭ને ઝડપી લઈ તેની પાસે રહેલા મોબાઈલમાં જતાં લાઈનગુરૂ નામની એપ્લીકેશનમાં આઈપીએલની રાજસ્થાન અને પંજાબ વચ્ચે રમાતી ટી-૨૦ મેચ ઉપર ક્રિકેટ સટ્ટો રમતો હોવાનું જાણવા મળતાં પોલીસે તેની ધરપકડ કરી મોબાઈલ કબજે કર્યો હતો. આરોપીની પુછપરછ કરતાં તે ક્રિકેટ સટ્ટાના રૂપિયા ફોનથી મંછાનગરમાં રહેતા રામભાઈ સુસરા પાસે કપાત કરાવતો હોવાની કબુલાત આપતાં પોલીસે કપાત કરાવનાર રામભાઈ સુસરાની શોધખોળ હાથ ધરી છે.



# પડધરીના વિસામણ ગામે યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

## નાનાભાઈને વિડિયો કોલ કરી યુવાને પગલું ભર્યુંઃ પોલીસે ફરિયાદ નહીં લેતા આક્ષેપ કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી તાલુકાના વિસામણ ગામે પાડોશમાં રહેતો શખ્સ માતાને ગાળો ભાંડી ત્રાસ આપતો હોવાનું યુવાન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પહોંચ્યો હતો. પરંતુ પોલીસે ફરિયાદ નહીં નોંધતા નારાજ થયેલા યુવાને ઘરે પરત ફરી નાના ભાઈને વિડિયો કોલ કરી ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આપઘાત કરે તે પૂર્વે જ પરિવારે યુવકનો જીવ બચાવી સારવાર માટે ખસેડયો હતો.

આ અંગેની માહિતી મુજબ પડધરી તાલુકાના વિસામણ ગામે આવેલા ઈન્દીરાનગરમાં રહેતા દિલીપ કિશોરભાઈ ડાંગર નામનો ૨૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે સાંજના છ વાગ્યાના અરસામાં ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને બેશુધ્ધ હાલતમાં તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરતાં પડધરી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક રાજકોટ સિવિલ હોસ્પિટલે ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં દિલીપ ડાંગર બે ભાઈમાં મોટો છે અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. દિલીપ ડાંગરની પાડોશમાં રહેતા કૌટુંબીક સગા જયસુખભાઈ દાનાભાઈ ડાંગર નજીવા પ્રશ્ને દિલીપ ડાંગરની માતા મુકતાબેનને ગાળો દેતો હતો જે અંગે દિલીપ ડાંગર, જયસુખ ડાંગર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા ગયો હતો. પરંતુ પોલીસે ફરિયાદ નહીં લેતાં નિરાશ થયેલા દિલીપ ડાંગરે ઘરે આવી નાના ભાઈને વિડિયો કોલ કરી ગળેફાંસો ખાઈ લીધો હતો. ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરે તે પહેલા જ પરિવારે દિલીપ ડાંગરનો જીવ બચાવી સારવાર માટે ખસેડયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રંગીલા સોસાયટીમાં બંધ મકાનમાંથી રૂ.૧.૨૭ લાખની મત્તાની ચોરી

## બામણબોર જીઆઈડીસીના કારખાનામાંથી બે શખ્સોએ કરી રૂ.૨૭ હજારના લોખંડની ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે નવાગામ પાસે રંગીલા સોસાયટીના ઢોળા પાસે બંધ મકાનમાં ચોરી થઈ હોવાનું અને બે શખ્સોએ બામણબોર જીઆઈડીસીના કારખાનામાંથી લોખંડના કાસ્ટીંગની ચોરી કરી હોવાનું પોલીસે ચોપડે નોંધાયું છે.

આ અંગેની માહિતી મુજબ નવાગામ પાસે આવેલ રંગીલા સોસાયટીના ઢોળા પર રહેતા મુકેશભાઈ સામતભાઈ બાવળીયા નામના યુવાને કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, બે દિવસ બંધ રહેલા તેના રહેણાંક મકાનમાં કોઈએ તાળા તોડી કબાટમાં રાખેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૧.૨૭ લાખની ચોરી કરી જતા ફરિયાદ નોંધાઈ છે. બનાવના પગલે પીએસઆઈ એમ.જે.વરૂએ પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

જયારે એક બનાવામાં રાજકોટના સાધુ વાસવાણી મેઈન રોડ પર આવલા આદિત્ય એપાર્ટમેન્ટમાં રહેતા ભાવેશભાઈ જેન્તીભાઈ પાબારી નામના લોહાણા વેપારીએ એરપોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, બામણબોરના નવાગામમમાં રહેતો નીતેષ રમેશ જેસાણી અને બે અજાણ્યા શખ્સોએ બામણબોર જીઆઈડીસીમાં આવેલ કોટેચા સ્ટીલ નામની કંપનીમાં કામ કરતો હતો ત્યારે કંપનીમાં રાખેલ કાસ્ટીંગ નંગ ૧૬૭ જેનું વજન ૭૭૦ કિલો કિંમત રૂ.૨૭ હજારની ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે પીએસઆઈ એ.કે.રાઠોડે તપાસ હાથ ધરી છે.

# આનંદનગરમાં રિસામણે બેઠેલી પુત્રીને માતાએ ઠપકો આપતા તેનો આપઘાતનો પ્રયાસ

## શ્રીનાથજી સોસાયટીમાં યુવાને જાતે ગળા પર છરી હુલાવી ઈજા કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા મેઈન રોડ ઉપર આવેલા આનંદનગરમાં રિસામણે બેઠેલી પુત્રીને માતાએ ઠપકો આપ્યો હતો. માતાના ઠપકાથી માઠું લાગતા પરિણીત યુવતીએ આનંદનગરના બગીચા પાસે ફીનાઇલ પી લીધું હતું. પરિણીતાને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ કાલાવડમાં રહેતી રુકશાનાબેન મુસ્તાકભાઈ ઓડિયા નામની ૩૦ વર્ષની પરિણીતા રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામાં રાજકોટમાં આવેલા આનંદનગરના બગીચા પાસે હતી. ત્યારે ફીનાઇલ પી લીધું હતું. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

પ્રાથમિક પૂછપરછમાં રુકશાનાબેન ઓડીયા આનંદનગરમાં માવતર ધરાવે છે અને તેણીના ૧૧ વર્ષ પહેલાં લગ્ન થયા હતા અને તેણીને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે રૂકશાનાબેન ઓડિયા છેલ્લા ચાર મહિનાથી આણંદનગરમાં રહેતા માવતરના ઘરે રિસામણે બેઠી છે. ગઈકાલે તેના છોકરા આણંદનગરના બગીચામાં તડકાના રખડવા ગયા હતા જે અંગે રૂકશાનાબેનને તેની માતા એશિયાનાબેને ઠપકો આપ્યો હતો. જેથી માતાના ઠપકાથી માઠું લાગી આવતા ફીનાઇલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

બીજા બનાવમાં મવડી ચોકડી પાસે આવેલી શ્રીનાથજી સોસાયટીમાં રહેતા નિતીન મહેન્દ્રભાઈ પરમાર નામનો ૨૫ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે બપોરના એકાદ વાગ્યાના અરસામાં મગજ ભમતા પોતાની જાતે ગળાના ભાગે છરી વડે કાપા મારી લીધા હતા. યુવકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માંડાડુંગર પાસે શ્યામકિરણ સોસાયટીમાં ૧૬ હજારનો દારૂ ઝડપાયોઃબુટલેગર ફરાર

## લોઠડા રોડ પર વિદેશી દારૂ ભરેલી કાર પોલીસને રેઢી મળીઃરૂ.૨.૨૧ લાખનો મુદામાલ કબજેઃનવાગામ પાસે કારમાં ૬૫ બોટલ દારૂ લઈ નિકળેલા ચાલકની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા માંડાડુંગર પાસે શ્યામકિરણ સોસાયટીમાં આજી ડેમ પોલીસે બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડી રૂ.૧૬ હજારનો દારૂ કબજે ર્ક્યો છે. જયારે લોઠડા રોડ પર વિદેશી દારૂ ભરેલી કાર રેઢી મળી આવતા પોલીસે રૂ.૨.૨૧ લાખનો મુદામાલ કબજે ર્ક્યો છે.

આ અંગેની માહિતી મુજબ આજી ડેમ પોલીસના પીઆઈ એ.બી.જાડેજાની સુચનાથી એએસઆઈ હારુનભાઈ ચાનીયા, એએસઆઈ આર.ડી.વાંક કોન્સ્ટેબલ વી.એમ.જાડેજા, એચ.જે.જાડેજા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે માંડાડુંગર પાસે આવેલ શ્યામકિરણ સોસાયટીમાં રહેતો કરણ મોહન ખુમાણ નામના બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડતા અલગ અલગ બ્રાંડની દારૂની બોટલો કિંમત રૂ.૧૬૪૦૦નો મુદામાલ મળી આવતા પોલીસે દારૂનો જથ્થો કબજે કરી બુટલેગર કરણ ખુમાણનો શોધખોળ આદરી છે. જયારે અન્ય એક દરોડોમાં આજી ડેમ પોલીસે કોઠારિયા ગામથી લોઠડા ગામ તરફ જવાના રસ્તે મીત્ત મારબલની સામેથી કાર નં.જીજે૨૩એએમ૬૧૬૮ નંબરની રેઢી મળી આવતા પોલીસે તલાશી લેતા તેમાંથી રૂ.૨૧૬૦૦ની કિંમતનો વિદેશી દારૂ મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૨.૨૧ લાખનો મુદામાલ કબજે કરી કાર નંબરના આધારે બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

જયારે એક દરોડામાં કુવાડવા પોલીસના પીઆઈ વી.આર.રાઠોડની સુચનાથી એએસઆઈ એમ.એમ.કુંભારવાડીયા અને કોન્સ્ટેબલ સંજયભાઈ મીયાત્રા સહિતનો સ્ટાફ નવાગામમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન રંગીલા સોસાયટી પાસે રેસિડેન્સીમાં રહેતો ગૌતમ મનસુખ ચાવડા નામનો શખ્સ કાર નં.જીજે૩એમએલ૨૮૪૬ લઈ શંકાસ્પદ નિકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા ૬૫ બોટલ વિદેશી દારૂ મળી આવતા કાર સહિત રૂ.૩.૩૫ લાખનો મુદામાલ કબ્જે કરી ચાલક ગૌતમ ચાવડાની ધરપકડ કરી આકરી પૂછપરછ કરતા દારૂનો જથ્થો ચોટીલાનો હિતેષ ધોરીયા નામનો શખ્સ આપી ગયાની કબૂલાત આપતા પોલીસે ચોટીલાના બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

# બગસરા પંથકમાં 'આપ'ના નેતાના પુત્રના દુષ્કર્મનો ભોગ બનનાર પીડિતાએ દમ તોડયો

## પોલીસે ચાર શખ્સો સામે આપઘાતની ફરજ પાડવાની કલમનો ઉમેરો કરી શોધખોળ શરૂ કરી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બગસરાના ઝાંઝરીયા ગામની એક ૩૫ વર્ષની મહિલા પર બળાત્કાર ગૂજારનાર આપના નેતાના પૂત્ર સામે ફરિયાદ કરનાર મહિલાએ બાદમાં ઝેરી દવા પી લીધી હતી તેનું ૧૬ દિવસની સારવાર બાદ મૃત્યુ નિપજતા પોલીસ દ્વારા વધારાની ૩૦૬ની કલમનો ઉમેરો કરવામા આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ બગસરા તાલુકાના જુના ઝાંઝરીયા ગામની પીડિત મહિલા ૨૯ એપ્રિલના રોજ ઝેરી દવા ગટગટાવી હતી જેને લીધે બગસરા અમરેલી અને છેલ્લે રાજકોટ હોસ્પિટલમાં સારવાર લઈ રહી હતી. એ દરમિયાન પોલીસને આપેલ ફરિયાદમાં ૧૫ વર્ષથી હરેશ કાંતિભાઈ સતાસિયા બળાત્કાર કરતો હોવાની કબુલાત આપી હતી જેને પગલે પોલીસ દ્વારા તા.૧૨ મી મેના રોજ ફરિયાદ નોંધવામાં આવી હતી. જેમાં હરેશભાઈ ના પત્ની વૈશાલીબેન, ભાઈએ ભાવેશ તથા પિતા કાંતિભાઈ સતાસિયાએ પીડિતાને પોલીસ ફરિયાદ ન કરવા દબાણ આપવું તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યા હોવાની ફરિયાદ નોંધવામાં આવી હતી. જેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. આ દરમિયાન રાજકોટ હોસ્પિટલ ખાતે પિડીત મહિલાનું ગુરુવારે વહેલી સવારે મોત નીપજ્યું હતું આ ઘટનાને પગલે પોલીસ દ્વારા પરિવારના નિવેદનના આધારે ૩૦૬ ની કલમનો ઉમેરો કરેલ છે. હાલ ઉપરોક્ત ચારેય આરોપી ફરાર હોવાનું પોલીસ તરફથી જાણવા મળ્યું છે.

# જામનગર સગીરનું લિફ્ટમાં મૃત્યુ કેટરીંગ સંચાલકો સામે ગુનો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રણજીતનગર પટેલ સમાજમાં લીફ્ટમાં ફસાઈ જવાથી સગીરનું મૃત્યુ થયાના મામલે તપાસના અંતે સગીર પાસે કામ કરાવનાર કેટરીંગ સર્વિસના બે સંચાલકો સામે મદદનીશ શ્રમ આયુક્ત કચેરીના અધિકારીઓ દ્વારા સિટી એ ડિવિઝનમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે.જામનગરના રણજીતનગર પટેલ સમાજમાં ગત ૨૬.૪.૨૦૨૪ ના દિવસે એક પ્રસંગ ચાલી રહ્યો હતો, જેમાં ભોજન સમારંભ માટે કેટરિંગ સર્વિસ ની ટીમને ઓર્ડર અપાયો હતો અને લાલપુરમાં સપના નાસ્તા ભુવનના સંચાલક ચિરાગભાઈ ઉર્ફે સંદીપભાઈ ગોકળભાઈ ગોરીયા તેમજ પંચેશ્વર ટાવર પાસે રહેતા રાજુભાઈ કાનાભાઈ વાઘેલા દ્વારા કેટરિંગ નો કોન્ટ્રાક્ટ રાખવામાં આવ્યો હતો.જે બંનેએ ઉપરોક્ત પ્રસંગમાં ૧૪ વર્ષથી નાની વયના સગીરને કામે રાખીને બાળ મજુરી કરાવવામાં આવતું હોવાથી બાળમજૂરી કરી રહેલા એક સગીરનું લિફ્ટ માં મજૂરી કામ દરમિયાન ફસાઈ જવાના કારણે મૃત્યુ નીપજ્યું હતું. જે બનાવ સંદર્ભે જામનગરની શ્રમ આયુક્ત કચેરી ના સરકારી અધિકારી ડી.ડી. રામી અને તેઓની ટીમ દ્વારા સમગ્ર પ્રકરણની ઊંડાણપૂર્વક ની તપાસણી કરવામાં આવી હતી, જે તપાસના અંતે, ૧૩ વર્ષની વયના એક સગીર પાસે બાળ મજુરી કરાવાઈ રહી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી કેટરીંગ સર્વિસ ના બંને સંચાલકો ચિરાગભાઈ તથા રાજુભાઈ સામે સીટી એ. ડિવિઝન પોલીસ માં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# એડવોકેટ હારૂન પલેજાની હત્યાના પ્રકરણમાં વધુ એક આરોપીની ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એડવોકેટ હારૂન પલેજાની હત્યાના પ્રકરણમાં પોલીસે પંદર શખસો સામે ગુનો નોંધ્યો હતો.જેની તપાસ અર્થે ખાસ પોલીસ ટીમ રચાઇ હતી.જે કેસમાં અગાઉ ચૌદ આરોપીને પકડી પાડયા બાદ વધુ એક આરોપીને પણ પોલીસે સકંજામાં લીધો છે.બેડીના એડવોકેટની હત્યાના પ્રકરણમાં પોલીસ વડા દ્વારા તપાસ અર્થે સીટ રચાઇ છે.જેમાં સીટી બી પોલીસ મથકમાં પંદર શખસો સામે ગુનો દાખલ થયો હતો.તપાસ દરમિયાન પોલીસે જુદા જુદા ૧૪ આરોપીઓને સકંજામાં લીધા હતા જે તમામને જેલહવાલે કરાયા હતા.આ દરમિયાન હત્યા પ્રકરણમાં પોલીસે વધુ એક આરોપી અસગર જુસબ સાઇચાની પણ ધરપકડ કરી છે.પોલીસે પકડાયેલા આરોપીને કોર્ટમાં રજુ કરવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.



# મેડિકલ સ્ટોરમાં ચોરી કરનાર મુદ્દામાલ સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પી.એન. માર્ગ પર એક હોસ્પિટલની નીચે આવેલા મેડિકલમાં ચોરી થઈ હતી. તેની તપાસમાં એલસીબીએ એક કિશોરને પકડી લઈ તમામ મુદ્દામાલ કબ્જે કર્યો છે.જામનગરના પી.એન. માર્ગ પર આહિર બોર્ડિંગ નજીક આવેલી આશુતોષ મેડિકલ સ્ટોરમાં લાકડાની બારી તોડી નાખી ઘૂસી ગયેલા તસ્કરે કેશ કાઉન્ટરમાંથી રૂા.૨ લાખ ૧૦ હજાર રોકડા ચોરી કર્યાની પોલીસમાં ફરિયાદ કરાઈ હતી.તે કેસની તપાસ શરૂ થયા પછી એલસીબી સ્ટાફે પણ ખાનગીરાહે તપાસ આરંભી હતી. જેમાં સ્ટાફના કાસમ બ્લોચ, હિતેન્દ્રસિંહને મળેલી બાતમીના આધારે વુલન મીલ ફાટક પાસેથી કાયદાથી એક કિશોરને પકડી લેવામાં આવ્યો હતો.

આ કિશોરની તલાશી લેવાતા તેના કબજામાંથી રૂા.૨ લાખ ૧૦ હજાર રોકડા મળી આવ્યા હતા. તેની પૂછપરછ કરાતા મેડિકલ સ્ટોરની બારી તોડી તેણે ચોરી કર્યાની કબૂલાત આપી છે. એલસીબીએ રોકડ કબજે કરી આગળની કાર્યવાહી માટે સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનને વિગતો સોંપી છે.



# અમારા પરિવારને કાંઈ થશે તો તેના જવાબદાર ડો.હેમાંગ વસાવડા રહેશે

## લેન્ડ ગ્રેબિંગના ગુનામાં માતાની ધરપકડ બાદ પુત્રીએ વિડિયો વાયરલ કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના જાણીતા ન્યુરોસર્જન ડો.હેમાંગ વસાવડાના મોટામવા ગામે આવેલા બે ફ્લેટ પચાવી પાડવાની ફરિયાદ નોંધાયા બાદ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. હાઈકોર્ટ દ્વારા આ કેસમાં ધરપકડ પર સ્ટે આપ્યા બાદ કાનૂની લડત ચાલી હતી જેમાં કોર્ટે સ્ટે ઉઠાવી લેતાં તાલુકા પોલીસ મથકની ટીમ મહિલાની ધરપકડ કરવા પહોંચતાં મહિલાએ પેરાસીટામોલની ટીકડી વધુ પડતી ખાઈ લેતાં તેને સારવાર માટે હોસ્પિટલે ખસેડાઈ હતી. હવે આ મામલાએ નવો વળાંક લીધો હોય તેવી રીતે મહિલાની પુત્રીનો વીડિયો સામે આવ્યો છે જેમાં તે એમ કહી રહી છે કે પોતાને, માતાને કે દાદીને કશું થશે તો તેના માટે ડો.હેમાંગ વસાવડા જવાબદાર ગણાશે. દીપાલીબેન જોશીના પતિ નિલેશ જોશી જેમણે આપઘાત કરી લીધો હતો. આ અંગે પુત્રી એન્જલ જોશીએ જણાવ્યું કે મારા પિતાએ આપઘાત નહીં બલ્કે તેમની હત્યા કરવામાં આવી છે. ડો.હેમાંગ વસાવડા દ્વારા વારંવાર હેરાન-પરેશાન કરવામાં આવતા હોય આખરે તેની માતાએ આપઘાતનો પ્રયાસ કર્યો છે. હવે આ પ્રકારનો વીડિયો વાયરલ થતાં આ અંગે વધુમાં જાણવા મળ્યા પ્રમાણે પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# યાજ્ઞિક રોડ પર એસ.ટી. ડ્રાઈવર અને બાઈક ચાલક વચ્ચે મારામારીઃ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના યાજ્ઞિક રોડ પર જાહેરમાં એસટી ડ્રાઇવર અને બાઇકચાલક વચ્ચે મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો છે. સ્કૂટરને બસ અડી જતાં સ્કૂટર સવારે ઉશ્કેરાઇ જઇ એસટી બસના ચાલકને મારમાર્યો હતો. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ યાજ્ઞિક રોડ પર આજે સવારે એસ.ટી. બસ આગળ જતાં સ્કૂટરને અડી જતાં સ્કૂટર સવાર માતા-પુત્ર પડી ગયા હતા. જેથી અકસ્માતને પગલે સ્કૂટર ચાલક અને એસ.ટી. બસના ચાલક વચ્ચે માથાકૂટ થતા સ્કૂટર સવારે ઉશ્કેરાઈ જઈ બસમાં ચડી ડ્રાઈવર ઉપર હુમલો કરી મારમાર્યો હતો. જાહેરમાં એસટી બસના ડ્રાઈવર અને સ્કૂટર ચાલક વચ્ચે બઘડાટી બોલી જતાં ઘટના સ્થળે લોકોના ટોળાં એકઠા થઇ ગયા હતા. આ મારામારીનો વિડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થતાં એ ડીવીઝન પોલીસ મથકના સ્ટાફે ઘટના સ્થળે દોડી જઇ વધુ તપાસ હાથ ધરી છે.



# હનુમાન મઢી પાસે તિરૂપતિનગરના ગોડાઉનમાંથી રૂા.૩.૧૯ લાખની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

## ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમે ગણતરીની કલાકોમાં જ ચોરીના બનાવનો ભેદ ઉકેલી નાંખી રૂા.૨.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**








શહેરના નિર્મળા રોડ પર નિલમ સોસાયટીમાં રહેતા અને હનુમાનમઢી ચોક પાસે તિરૂપતીનગર મેઈન રોડ પર જુની પોસ્ટ ઓફિસની બાજુમાં ઈલેક્ટ્રિક વાયરનું ગોડાઉન અને ઓફિસ ધરાવતા વિવેકભાઈ મણિલાલ બેઠરીયા નામના પ્રજાપતિ વેપારીએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, ગઈ તા.૧૪/૫ થી ૧૫/૫ના સમયગાળા દરમિયાન બંધ રહેલ ઓફિસ અને ગોડાઉનમાં કોઈ અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી ઈલેક્ટ્રિક વાયર અલગ-અલગ બંડલ જેની કિંમત રૂ.૩.૧૯ લાખ થતી હોય જે ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ બી.ટી.અકબરી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ ડોગ સ્કોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતોની મદદ લઈ તસ્કરોનું પગેરૂ મેળવવા ક્વાયત હાથ ધરવામાં આવી છે.

તે દરમિયાન ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઈ આર.એચ. ઝાલાની સુચનાથી હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ, જયપાલસિંહ સરવૈયા, જયંતીગીરી ગોસ્વામી, મનીષભાઈ સહિતના સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન હનુમાન મઢી ચોક પાસે છોટુનગર મફતિયાપરા પાસેથી લોહાનગર મફતિયાપરામાં રહેતો સની શંકર વરગોડીયા નામનો શખ્સ એક માલવાહક રિક્ષા લઈ શંકાસ્પદ રીતે નીકળતાં પોલીસે તેને દબોચી લઈ તિરૂપતિનગરના ગોડાઉનમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલી નાંખી રૂા.૨.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગણતરીની કલાકોમાં જ ચોરીના બનાવનો ભેદ ઉકેલી નાંખ્યો છે.

# ઉપલેટાના અરણી ગામે કુવામાં પડી જતા યુવાનનું કરૂણ મોત


**મુખ્ય સમાચાર, ઉપલેટા**



ઉપલેટા તાલુકાના અરણી ગામે શેમળા ધાર વાળી તરીકે ઓળખાતી સીમમાં નવીનભાઈ મંગાભાઈ વાઘ નામના ખેડૂતની વાડીએ ઘેટાં બકરા ચરાવતા જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના બાબરીયા ગામના પશુપાલક રબારી પરિવારના પુનરાજભાઈ વરપાભાઈ મોટણ (ઉંમર વર્ષ ૫૦) અને પુત્ર સોમાભાઈ વનરાજભાઈ મોટણ નામનો ૧૮ વર્ષીય યુવક સાંજના સમયે ઘેટાં બકરા ચરાવી રહ્યા હોય દરમિયાન વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હોવાથી ધૂળની ડમરીઓ ઉડી અને જોત જોતામાં વીજળીના કડાકા ભડાકા થવા લાગ્યા હતા. એ અરસામાં આ પશુપાલક યુવક વીજળીથી બચવા માટે ખેતરમાં આવેલ ઓરડી તરફ ભાગ્યો હતો. ઓરડીની બાજુમાં આવેલ કુવાના કાંઠે અકસ્માતે પગ લપસી જતાં યુવક કુવામાં ખાબક્યો હતો ત્યાં કુવામાં પાણીની મોટર રાખવા માટેના લોખંડ અને સિમેન્ટના ગડરોના મેળા સાથે માથું અથડાતા યુવકને હેમરેજ થયું હોવાથી પાણીમાં ડૂબી ગયેલ હતો. યુવકના પિતાએ ગ્રામજનોને જાણ કરતા ઉપલેટા મામલતદાર મહેશ ટી. ધનવાણી, ટીડીઓ, નગરપાલિકા ફાયર બ્રિગેડ સ્ટાફના વિશાલભાઈ વરુ અને જગાભાઈ વાસીયા તેમજ ભાયાવદર પીએસઆઈ આર.વી. ભીમાણી તેના પોલીસ સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને મૃતકને મોડી રાત્રે રેસ્ક્યુ કરી બહાર કાઢવામાં આવ્યો હતો.

# મેટોડા પાસે કાર ચાલકે ઠોકરે ચડાવતા માતા-પુત્રના કરૂણ મોત

## કારખાનેથી ઘરે પરત ફરતી વેળાએ દુર્ઘટના,અકસ્માત સર્જી કાર ચાલક ફરારઃ મણીમંદિર પાસે બેફામ સ્પીડે આવતી વર્ના કાર પરપ્રાંતિય પરિવાર ઉપર કાળ બની ત્રાટકી, એકની હાલત ગંભીર











**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદમાં તથ્ય પટેલવાળી ઘટનાનું રાજકોટની ભાગોળે આવેલ મેટોડા ઔદ્યોગિક વસાહત પાસે પુનરાવર્તન થયું છે. બે બાળકો સાથે પગપાળા જતી મહિલાને બેફામ સ્પીડે આવતા વર્ના કાર ચાલકે ઉલાળતા ત્રણેયને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યા ટૂંકી સારવાર બાદ બે વર્ષના પુત્ર અને માતાનું મોત થતા પરપ્રાંતિય પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. જ્યારે અન્ય એક તરૂણની હાલત ગંભીર ગણાવાય રહી છે. અકસ્માત સર્જી વર્ના કાર ચાલક ફરાર થઈ જતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

મેટોડાના મણી મંદિરની સામે રોડ ક્રોસ કરતી વેળાએ શીલુદેવી ચંદનકુમાર શાહ ઉ.વ ૨૧, અંકુશ ચંદનકુમાર શાહ ઉ.વ ૨, રાજા કૈલેશભાઈ પાસવાન ઉ.વ ૧૩ સહિતના ત્રણ વ્યક્તિને કાર ચાલકે ઠોકરે લીધા હતા.

હિટ એન્ડ રનનો બનાવ બનતા ઘટના સ્થળે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થયા હતા અને ત્રણેય લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતથી ગંભીર ઈજા થતા ત્રણેયને પ્રથમ સારવાર મેટોડાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં તેઓની હાલત વધુ નાજુક હોય વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરંતુ અહીં ફરજ પરના તબીબોએ શીલુંદેવી તેમજ તેમના પુત્ર અંકુશને મૃત જાહેર કર્યા હતા.બનાવના પગલે મેટોડા પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો. અને અકસ્માત સર્જનાર કાર ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું કે મૃતક મહિલા અને તેમનો પુત્ર કારખાનામાંથી કામ પૂર્ણ કરી ઘરે જવા નીકળ્યા હતા. તે વેળા એ રોડ ક્રોસ કરતી વખતે બનાવ બન્યો હતો. અકાળે માતા- પુત્રના મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

# રેલનગરમાં મહિલાને પૂર્વ પતિના બે મિત્રોએ બ્લેકમેઈલ કરતાં આપઘાતનો પ્રયાસ કર્યો

## પુષ્કરધામ મેઈન રોડ પર વ્રજ સોસાયટીમાં પરિણીતાએ એસિડ ગટગટાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના રેલનગરમાં રહેતી પરિણીતાએ પૂર્વ પતિના બે મિત્રો વિડીયોના આધારે બ્લેકમેઈલ કરી હેરાન કરતા હોવાના આક્ષેપ સાથે ફિનાલઈ પી આપઘાતનો પ્રયાસ કરતા તેણીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રેલનગરમાં અવધ રેસીડન્સીમાં રહેતી રાજલબેન કિશોરભાઈ પરમાર (ઉ.વ.૪૦)નામની પરિણીતાએ આજે સવારે પોતાના ઘરે ફિનાઈલ પી લેતા તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્રનગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં તેણીના લગ્ન ૨૦ વર્ષ પહેલા પ્રફુલ મેર સાથે થયા હતા તેને સંતાનમાં બે પુત્ર છે. પતિ મારકુટ કરતો હોવાથી છુટાછુડાની વાત ચાલતી હોય અને હાલમાં ૧૫ દિવસથી તેણી મૈત્રી કરાર કરી રીક્ષાચાલક જગદિશ જીવરાજભાઈ નારોલા સાથે રહે છે. તેઓ આક્ષેપ કરતા જણાવ્યું કે પૂર્વ પતિ પ્રફુલનો મિત્ર વનરાજ સોલંકીએ બે વર્ષ પહેલા વિડીયો ઉતારી લીધો હોય જે વિડીયો તેણે તેના મિત્ર ચેતન કાકડીયાને આપ્યો હોય બંને શખ્સો વિડીયોના આધારે બ્લેકમેઈલ કરી નાણા માંગી હેરાન કરતા હોવાથી તેઓ ફિનાઈલ પી લીધાનું જણાવ્યું હતુ આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.જયારે બીજા બજાવમાં પુષ્કરધામ મેઈન રોડ પર વ્રજ સોસાયટીમાં રહેતી સાધના લાલજીભાઈ બગડા (ઉ.વ.૨૨) નામની પરિણીતાએ એસીડ પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ છે.

# સાત હનુમાન ઢોરા પાસે કાકા અને ભત્રીજીનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે સાત હનુમાન ઢોરા પાસે ૪૭ વર્ષો ય કૌટુંબીક કાકાએ ૧૨ વર્ષની ભત્રીજી સાથે ઝેરી દવા ગટગટાવી લેતા કાકા-ભત્રીજીને બેભાન હાલતમાં તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે આ મામલે ૧૨ વર્ષની પુત્રીને કૌટુંબીક કાકો ભગાડી ગયો હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. જ્યારે હોસ્પિટલનાં બીછાને સારવાર લઈ રહેલા કાકાએ તરૂણીને ભગાડી ગયાની નહીં પરંતુ પુત્ર માટે પસંદગી કરી હોવાનું રટણ કરતાં પોલીસે નિવેદન નોંધી કાર્યવાહી કરી છે. માહિતી મુજબ રાજકોટનાં ધમલપર ગામે રહેતા દિનેશ જકશીભાઈ સાડમીયા (ઉ.૪૭) અને ચોટીલામાં રહેતી તેની કૌટુંબીક ભત્રીજી મીનાબેન ભુપતભાઈ સાડમીયા (ઉ.૧૨) એ કુવાડવા રોડ પર આવેલ સાત હનુમાન ચોકડી પાસે હતાં ત્યારે સજોડે ઝેરી દવા પી લીધી હતી.

જેથી બનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને પ્રાથમિક પુછપરછમાં દિનેશ સાડમીયા અને મીનાબેન સાડમીયા કૌટુંબીક કાકા ભત્રીજી થાય છે. દિનેશ સાડમીયાને સંતાનમાં ત્રણ પુત્ર અને બે પુત્રી છે. દિનેશ સાડમીયા અને મીનાબેન સાડમીયા ગઈકાલે બન્ને ચોટીલાથી ભાગીને રાજકોટ આવ્યા હતાં. અને બાદ આ પગલું ભર્યું હતું. જ્યારે આ પુત્રી લાપત્તા થતાં પરિવારે ચોટીલા પોલીસને જાણ કરી હતી અને પરિવાર પુત્રીની શોધખોળ કરી રહ્યો હતો. બને બંને સાત હનુમાન ચોકડી પાસેથી દવા પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.પરિવારે આક્ષેપ કરતાં કહ્યું હતું કે, દિનેશ પોતાની પુત્રીને પોતાની સાથે લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હતો. જ્યારે દીનેશે એવી કબૂલાત આપી હતી કે,તે પોતાના નહી પરંતુ પુત્ર માટે પસંદગી કરી તરૂણીને ભગાડી ગયો હતો. જેથી બંનેના નિવેદન નોંધી પોલીસે આગળ કાર્યવાહી કરી છે.

## જંક્શન પ્લોટનો બુટલેગર પાસામાં અમદાવાદ જેલમાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**



શહેરના પ્ર.નગર પોલીસ સ્ટેશન અને ડીસીબી પોલીસ સ્ટેશનના વિદેશી દારૂના અલગ અલગ ગુનાના પકડાયેલ નામચીન બુટલેગર દિનેશ રાજકુમાર નીંચાણી (રહે.જકશન પ્લોટ સોમનાથ એપાર્ટમોન્ટ)ને ક્રાઈમ બ્રાંચની ટીમે અટકાયતમાં લઈ તેના પાસાના કાગળો તૈયાર કરી શહેર પોલીસ કમિશનરને મોકલાવતા અને તેના પર કમિશનરે મહોર લગાવી દેતા આ બુટલેગર દિનેશ નીંચાણીને અમદાવાદ મધ્યસ્થ જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવયો છે.

# રાજકોટના યુવાનને આપઘાતની ફરજ પાડતા વિરમગામના PSIના આગોતરા જામીન નામંજુર

## દારૂના ગુનામાં ૧૦ લાખની માંગણી કરી ત્રાસ આપતાહ હોવાનો યુવકે વિડિયો વાયરલ કરી આત્મઘાતી પગલું ભર્યુ'તુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ગોવર્ધન ચોક પાસે રહેતા યુવકને મરવા મજબુર કરવાના ગુનામાં સંડોવાયેલા વિરમગામ પોલીસ મથકના પી.એસ.આઇએ પોલીસ ધરપકડની દહેશતે હાઈકોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલા ગોવર્ધન ચોક પાસે રહેતા દીપકભાઈ હરજીવનભાઈ ધ્રાગધરીયા નામનો ૪૦ વર્ષનો યુવાન લોધિકાના ખાંભા ગામે રીબડા રોડ ઉપર આવેલા મોગલ માતાજીના મંદિરે હતો ત્યારે છતના હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે મૃતક દીપકભાઈ ધ્રાગધરીયાના પત્નીએ લોધિકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે વિરમગામ પોલીસ મથકમાં છ માસ પૂર્વે નોંધાયેલા દારૂના ગુનામાં દિપકભાઈ ધ્રાંગધરીયાનું નામ ખુલ્યું હોવાના આરોપ સાથે વિરમગામ પોલીસ મથકના પીએસઆઈ હિતેન્દ્ર મોહનભાઈ પટેલ માનસિક ટોર્ચર કરી રૂ.૧૦ લાખની લાંચ માંગી ત્રાસ આપતા હતા અને પીએસઆઇના ત્રાસથી કંટાળી દીપકભાઈ ધ્રાગધરીયાએ રાત્રીના પોતાના ઘરેથી નીકળી ગયા હતા અને પીએસઆઇના ત્રાસથી આત્મહત્યા કરતો હોવાનો સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ કરી આપઘાત કરી લીધો હતો. યુવકને મરવા મજબૂર કરનાર વિરમગામ પોલીસ મથકના પી.એસ.આઇ હિતેન્દ્ર પટેલ વિરુદ્ધ લોધીકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. રાજકોટના યુવકને મરવા મજબૂર કરવાના ગુનામાં સંડોવાયેલા વિરમગામ રૂરલ પોલીસ મથકના પી.એસ.આઇ હિતેન્દ્ર પટેલે પોલિસ ધરપકડની દહેશતે ગોંડલ સેશન્સ કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી નામંજૂર થતા હાઇકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ ફરિયાદ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને રજૂ રાખેલ ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ગોંડલના એડિશનલ સેશન્સ જજે પીએસઆઈ હિતેન્દ્ર પટેલની આગોતરા જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં ફરિયાદી વતી રાજકોટનાં જાણીતા યુવા ધારાશાસ્ત્રી સ્તવન જી. મહેતા, નિકુંજ એમ. શુકલા, બ્રિજેશ ચૌહાણ, નિલરાજ રાણા, શ્યામ ત્રિવેદી તથા મદદનીશ તરીકે કશ્યપ પંડયા, નિશાંત ચાવડા, સત્યજીસિંહ જાડેજા, ત્રષિત રોહિત અને હાઈકોર્ટનાં એડવોકેટ વિરાટભાઈ પોપટ અને શ્વેતાબેન લોઢા રોકાયા હતા.

# લક્ષ્મીનગરના લોનની ઉઘરાણીથી કંટાળી સગીરાનો જાહેર શૌચાલયમાં એસિડ પી આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કચ્છના ગાંધીધામ પંથકમાં આવેલા વાય ગામે રહેતો પરિવાર ત્રણ દિવસ પૂર્વે જ પેટીયુ રળવા માટે રાજકોટ આવ્યો હતો અને રાજકોટમાં આવેલા લક્ષ્મીનગર વિસ્તારમાં મકાન ભાડે રાખવા માટે મકાનની શોધખોળ કરતો હતો તે દરમિયાન સગીરાએ ફાયનાન્સમાંથી લીધેલી લોનની ઉઘરાણીથી કંટાળી જાહેર શૌચાલયમાં એસિડ પી લીધું હતું. સગીરાને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, ગાંધીધામના વાય ગામે રહેતી પાયલબેન રમેશભાઈ વઢરિયાળા નામની ૧૭ વર્ષની સગીરા રાજકોટમાં આવેલા લક્ષ્મીનગર વિસ્તારમાં હતી ત્યારે રાત્રિના ત્રણેય વાગ્યાના અરસામાં જાહેર શૌચાલયમાં એસિડ પી લીધું હતું. સગીરાને ઝેરી અસર થતાં બે શુધ્ધ હાલતમાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતાં માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પુછપરછમાં એસિડ પી લેનાર પાયલ ૧૦ વઢરીયાળાનો પરિવાર ત્રણ દિવસ પૂર્વે જ રાજકોટમાં મજુરી કામ માટે આવ્યો હતો. પાયલ વઢરીયાળાના પરિવારે ફાયનાન્સમાંથી અગાઉ રૂા.૪૫ હજાર અને ૩૫ હજારની બે લોન લીધી હતી. જે લોનની ઉઘરાણીથી કંટાળી પાયલ વઢરિયાળાએ એસિડ પી લીધું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે માલવીયાનગર પોલીસે નોંધ કરી તપાસનો દૌર લંબાવ્યો છે.

# કાલાવડ રોડ પર આરએમસી કવાર્ટરમાં દંપતિનો સજોડે આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમા કાલાવાડ રોડ ઉપર અવધના ઢાળ પાસે આવેલ વીર સાવરકર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા દંપતિ વચ્ચે કામ પરથી મોડા આવવા મુદ્દે ઝઘડો થતા સજોડે ફિનાઈલ પી લીધું હતું. દંપતીને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યું હતું.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ ઉપર અવધના ઢાળ પાસે આવેલ વીર સાવરકર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા અમિત દેવજીભાઈ સોલંકી અને સોનલબેન અમિતભાઈ સોલંકી રાત્રિના એકાદ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે સજોડે ફિનાઈલ પી લીધું હતું દંપતીની ઝેરી અસર થતા બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરતા યુનિવર્સીટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં સજોડે ફિનાઈલ પી લેનાર દંપતીના છ વર્ષ પૂર્વે લગ્ન થયા હતા અમિતભાઈ સોલંકી પ્રાઈવેટ નોકરી કરે છે અને નોકરી પરથી રાત્રીના ઘેર મોડા આવતા દંપતિ વચ્ચે ઝઘડો થયો હતો ઝઘડો થતા અમિત સોલંકીએ ફીનાઈલ પી લીધા બાદમાં પત્ની સોનલબેન સોલંકીએ પણ ફીનાઇલ ગટગટાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.